1936 - ૧૯૩૬

ભયંકર ભૂલ

Regd No. B. 3220

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૧૬ મો.
બુધવાર તા. ૧-૧-૩૬

## તારુણ્યતાનું આછું દર્શન.

જો ! જો ! ક્ષિતિજે દૂર મીટ માંડી
ઉષા હજી ના ઉંબરે પધારી
આછાં ઉઘડતાં નવ એ પ્રભાતે
તારુણ્ય છાયા ચીરકાળ મ્હોરે.

નવપુંજ એ ના હજીએ છવાયા
પ્રતિબિંબ કો' એ પથના સુહાયા
નીલ શ્વેત રસીલા ખળખળ પ્રવાહે
તારુણ્ય છાયા ચીરકાળ મ્હોરે.

ઉપવન મધુરાં વણુ હર્ષ દીઠાં
ફાલ્યા ફુલ્યા ના દિન કંઈક વીત્યાં
સ્મૃતિ હજી એ વીસરાય-પ્હેલાં
તારુણ્ય છાયા ચીરકાળ મ્હોરે.

આદર્શના એ ઉડતા ફુવારા
રેલે સીંચે ના હજી કુંજ રોપા
કલ્લોલતા એહ અગમ્ય નાદે
તારુણ્ય છાયા ચીરકાળ મ્હોરે.

જો ! જો ! સમીપે રસ ઐક્ય ધારા
શિશુકાળ યૌવન મધુ લ્હાણુ જવાળા
ઝબકે ઝબકારો હજી કાળ-પ્હેલાં
તારુણ્ય છાયા ચીરકાળ મ્હોરે.

પ્રભુએ ભર્યાં હો હૃદયો સુરંગે
આદેશ સાચાં ઘડતાં જીવન-એ
સર્જે કદી એ નવસૃષ્ટિ છાયા
તારુણ્ય છાયા ચીરકાળ મ્હોરે.

નહિ દુન્યવી કો' હજી પાસ લાગ્યો
નહિ પ્રેમ સાચો ઉર આ પિછાન્યો
જગના વિહારી સખી દીલ બને તું
તારુણ્ય છાયા ચીરકાળ મ્હોરે.

જીવતાં પ્રથમ તું જગને જીતી લે !
મહારાજ્ય ત્હારે ચરણે ઝુકી રહે !
નિજ શ્રેય સાધક મનુ કો' દેવાંશી !
તારુણ્ય છાયા ચીરકાળ મ્હોરે.

દૈવી પ્રભા સમ તુજ જ્યોત ન્યારી
આછી અનેરી સ્મિત હાસ્ય વારી
વહેતી સદા એ વહેશે અખંડિત
તારુણ્ય છાયા ચીરકાળ રહેજો !

"મંજુલકુમાર"

# ત ❖ રુ ❖ ણ ❖ જૈ ❖ ન

—: તા. ૧-૨-૩૬ :—

## ભયંકર ભૂલ.

વાણી પ્રમાણે વર્તણુંક રાખવી એ સાચા સુધારકનું લક્ષણ છે. એટલે સાચા સુધારક તરીકે દલપત કોઠારીએ પ્રથમનાં સગપણ તોડી નાખી બાળ વિધવા તારાબેન સાથે સ્નેહલગ્ન કરેલાં. આથી સુધારાથી ભડકી ઉઠનારાઓએ બહિષ્કારનું શસ્ત્ર ઉગામેલું છતાં પાલણપુરના યુવાનોએ જાહેર સભાઓ દ્વારા દલપતને અભિનંદનો પાઠવેલાં અને તેણે તે સ્વિકારેલાં તેજ દલપતલાલ કોઠારી તારાબ્હેન હૈયાત છતાં, તારાબ્હેન સાથે વિશ્વાસઘાત કરી–દ્રોહ કરી, કાન્તાબ્હેન નામના કેળવાયેલા ને સરકારી ખાતા સાથે ગયા અઠવાડીયામાં પ્રેમલગ્નથી જોડાય એને કોનો ટેકો હોય ?

અમે અનુભવ થકીએ છીએ કે એક કેળવાયેલો યુવાન–સુધારક તરીકે કહેવાતો, એક બાળ વિધવા સાથે મહિનાઓ સુધી સંસર્ગમાં આવ્યા પછી એટલે એક બીજાના વિચારોથી માહિતગાર થયા પછી સમાજ બંધનોને લાત મારી તેની સાથે લગ્ન કરે, છેવટ સુધી વિશ્વાસના આશ્વાસન આપે. તારાબ્હેન અને પાલણપુરના યુવાનો કહે છે તેમ છેહ ન દેવાની આખર ઘડી સુધી પ્રતિજ્ઞા કરે, તે માણસ આ પ્રમાણે એક ઉપર બીજી લાવવાનું કૃત્ય કરે એ પ્રતિજ્ઞામાંથી પતિત થયેલો માનવી ગણાય. આવા માનવી પ્રત્યે અમે ક્યા શબ્દોમાં ઘૃણા પ્રદર્શિત કરીએ.

જેઓની સમાજમાં કે દેશમાં કીમ્મત નથી તેઓ એક ઉપર બીજી લાવે તો કદીએ ઉહાપોહ થતો નથી. પરંતુ જ્યારે સંસ્કારી અને શિક્ષિત માણસો તેમાંયે સમાજ સુધારકનો ઝુરભો પહેરનારા પોતાની પત્નિ હૈયાત છતાં બીજી લાવે ત્યારે ચર્ચા ને પોકારનો વિષય થઈ પડે છે. અને થવોજ જોઈએ.

થોડા સમય ઉપર પ્રભા–નાથાલાલ ને મનુ–વિનોદિનીના લગ્નો પણ આજ પ્રમાણે ચર્ચા ને ઉહાપોહનો વિષય થઈ પડેલા. અમારે કહેવું જોઈએ કે તે બને લગ્ન કરતાં દલપત કોઠારીએ કાન્તા સાથે કરેલ લગ્ન ભયંકર ભૂલ છે. કારણ ?

જ્યારે એક બાળ વિધવા પોતાનાં સગાં સહોદરને તજી દઈ બીજી વાર લગ્નગ્રંથીથી જોડાય છે, ત્યારે તેનો મુખ્ય આધાર તેના પતિ ઉપર હોય છે. અને જ્યારે તે પતિ પોતાની ફરજથી પતિત થઈ–તેને તજી દઈ બીજી લાવે છે ત્યારે તે વિધવાની સ્થિતિ ભયંકર થાય છે. એટલું જ નહિ પણ સુધારાના વેગને ધક્કો પહોંચે છે. એ દૃષ્ટિએ દલપત કોઠારીએ જે પગલું ભર્યું છે તે યુવાન સમાજની દૃષ્ટિએ ધિક્કારપાત્ર ભર્યું છે એમ કહેવું પડશે.

કાન્તાબ્હેનને શું કહીએ ? એ બીન અનુભવી છે ! પુરૂષસ્વભાવથી અજાણ છે. નહિ તો એક બ્હેનના હકને લુંટી લઇ તેના જીવનને ધૂળધાણી કરવા જેવું કૃત્ય એ કરે !

અમારે આ અંગે ખાસ એ પણ કહેવાનું છે કે–જે તારાબ્હેનને દલપત કોઠારીએ વિશ્વાસઘાત કરી એકલા અટુલા સ્થિતિમાં મુકી દીધાં છે તે તારાબ્હેન પ્રત્યે તેઓનાં સગાં સહોદરો સહકાર કરીને તેમને સાથ દેશે–હિમ્મત દેશે. અને ગોદમાં લેશે.

## પાટણનો ઠરાવ.

અયોગ્ય દીક્ષાના હિમાયતીઓએ કરેલ તાંડવ નૃત્યથી યુવાન અને વૃધ્ધ, સ્ત્રી અને પુરૂષ અનેકના દીલ બળબળી ઉઠેલાં, ઠેર ઠેર ને સામે ઠરાવો થયેલા. તેવી રીતે પાટણના શ્રી સંઘે સંવત ૧૯૮૫ ના ભાદરવા વદી ૧૧ ના રોજ નીચે પ્રમાણે ઠરાવ કરેલો—

"હાલના સાધુ સંજોગોની અંદર જે કોઇ માણસને દીક્ષા લેવાની ઇચ્છા હોય તે માણસે એક મહીના અગાઉ જાહેર છાપાઓમાં જાહેર કરવું જોઇએ અને તેની સાધુ થવાની લાયકાત માટેની ખાત્રી પછી પાટણ સંઘની સલાહથી તેને દીક્ષા આપી શકાય. જે કોઇ આ ઠરાવની વિરૂધ્ધ વર્તન કરે અને જે કોઇ તે કામમાં મદદ કરે તે સંઘનો ગુનેગાર ગણાશે."

આવા સાધારણ ઠરાવ સામે પાટણના ગણ્યાગાંઠ્યાં દીક્ષાપ્રેમી ભાઇઓએ સખ્ત વિરોધ કરેલો, આથી પરસ્પર કલેશ–કંકાશ અને પ્રતિબંધો મુકાએલા. વડોદરા રાજ્યે અયોગ્ય દીક્ષા સામે કાનુન ઘડયો. છતાં અયોગ્ય દીક્ષાના હિમાયતી સાધુઓ ને શ્રાવકોમાં જરાએ હૃદય પલટો થયો હોય તેમ લાગતું નથી. તેમની વર્તણુંક જ તેનો પુરાવો છે.

આવી સ્થિતિ છે છતાં મુંબઇમાં વસતા પટણી બિરાદરોએ પોસ સુદી ૫ ને સોમવારની રાત્રીના શ્રી ભોગીલાલ લહેરચંદ ઝવેરીના પ્રમુખપણા નીચે એકત્ર થઇ લાંબી ચર્ચા બાદ દીક્ષા અંગેના મૂળ ઠરાવને હાથ ન લગાડતાં, તમામ પ્રતિબંધો દુર કરવા અંગે પાટણના સંઘને વિનંતિ કરનારો ઠરાવ કરી ડહાપણ જ કર્યું.

આજના આગળ વધતા જમાનામાં દરેક સમાજમાં સુધારાનાં પગરણ મંડાયા છે. તેની સામે રૂઢિચુસ્તોનો સામનો પણ છે, તે રહેવાનો. એટલે "સિધ્ધાંતની સમાધાની ન હોય" બાકી પાણી પીણી ને બીજા પ્રતિબંધો એક બીજાની વચમાં કલેશ વધારનારા છે તે નાબુદ થવા જ જોઇએ. તેમ પાટણના આંગણે શતાબ્દિના ઉત્સવની ધારણા છે એટલે મુંબઇના પાટણવાસી જૈન ભાઇઓએ શ્રી પાટણના સંઘને પ્રતિબંધો દૂર કરવા અંગેનો જે ઠરાવ મોકલ્યો છે તે ઉપર ખાત્રી છે કે જરૂર લક્ષ આપશે.

# ચો પ ટા ની ચો વ ટ.

ગુજરાતના એ પુરાણા નગરના એક લત્તામાં લીલાછમ ગોળમટોળ લીંબડાની છાયા નીચે વીશ પચ્ચીશ માનવી ગોઠવાઇ રહે તેવા લીંપેલા ને સ્વચ્છ સ્થાનને લોકો લીંબડાના ચોપટા તરીકે ઓળખતા. ત્યાં પાકી ઉમ્મરના એટલે વનમાં પ્રવેશ કરી ચુકેલા, આઠ દશ પુરૂષોને પચ્ચીશ ત્રીશ વર્ષની ઉમ્મરના ત્રણ ચાર જુવાનો ગામ ગપાટા ને ભાલકમલકની વાતો કરતા બેઠા છે. તેવામાં પાનીથી મસ્તક સુધી શુધ્ધ ખાદીના વસ્ત્રોમાં શોભતો નવનીત નામનો યુવાન પણ ચોપટે આવી ચડયો. કે મગનકાકાના નામે ઓળખાતા કાકાએ વાત છેડી.

કેમ નવનીત ! હમણા તમે સમાજ સુધારણા અંગે કામે લાગ્યા છો ?

નવનીત—હા—કાકા.

કાકા—સમાજ સુધારાની જરૂર છે એમેત માનીએ છીએ, પણ આ ન્યાતોની સામે જે હીલચાલ ઉપાડી છે તે વ્યાજબી કરતા નથી.

નવનીત—કેમ કાકા ! એમાં શું ખોટું કરીએ છીએ ? સમાજ સુધારણાનું મૂળ ન્યાતો છે.

કાકા—ભલા આદમી ! તું બાળક છે. તું જાણે છે ? 'ન્યાત તો ગંગા છે, લીલી છાંહી છે, એને ભાંગે એનાં ઘર ભાંગે' છતાં તું અને તારા ગોઠીઆ કેટલાય દિવસથી ન્યાતના બંધારણો તોડી નાખી બધું એકાકાર કરવા ચડલે ચડલે ભાષણો આપો છો, છાપાં છાપો છો, આ તમારી હીલચાલથી ઘણાયે અમારી પાસે આવે છે ને ન્યાત ભેગી કરી તમારી ખબર લેવાની ભલામણ કરે છે. પણ તું ખાસ મારા સ્નેહિનો દીકરો એટલે એમ ઉતાવળ કરવા પહેલાં તારી સાથે વાતચીત કરવાની તક ખોળતો હતો, ત્યાં આજ અવસર આવી ચડયો, તું ડાહ્યો. ને સમજુ છે ! તને એ શોભે નહિ !

નવનીત—મારી પણ ઇચ્છા તો હતી જ કે એક દિવસ તમારી સાથે વાતચીતનો પ્રસંગ ઉભો થાય તો ઠીક, ત્યાં તો તમેજ આજે વાત છેડી.

કાકા—મારી સાથે વાત કરવાનો પ્રસંગ શાથી ખોળતો હતો ?

નવનીત—બધી ન્યાતોના પટેલો ને શેઠોમાં તમારી લાગવગ છે, તમારી દોરવણી ઉપર જ તેમનો આધાર છે. તેમ તમે મહાજનના મુખ્ય પટેલ એટલે !

કાકા—ઠીક ! ઠીક ! પણ મ્હેં કીધું એનું શું ?

નવનીત—અમે તો પૂરેપૂરો વિચાર કરીને, હિતાહિતનો સરવાળો મુકીને જ હાલના શાન્તિવાડા સામે મોરચા બાંધ્યા છે. તમે કહો છો 'ન્યાત ગંગા છે, શીતલ છાંય છે, ન્યાતને ભાંગે એનું ઘર ભાંગે' એ તમારી કહેતી શ્રીમંતો માટે કદાચ બંધબેસતી હશે ! બાકી મારા અનુભવે તો એ ગંગા સમાજનો ભોગ લઇ રહી છે. શીતળ છાંયના બદલે આગ વરસાવી રહી છે, એજ નાત ઘર ભાંગી રહી છે ત્યાં એ ન્યાતોને ભાંગી કહેવી કે રક્ષી કહેવી ?

ત્યાં તો નથુમામાથી ન રહેવાયું ને વચમાં જ ગરજી ઉઠયા.

અલ્યા ! કોઇ દિવસ ન્યાત ઘર ભાંગતી હશે ? એ તો આજ તારા મોઢે સાંભળ્યું ! ન્યાતને ઉખાડે છોગે જેમ આવે તેમ સંભળાવે રાખે છે, તે તું શું સમજે છે ? શું ન્યાતમાં કોઇ છે નહિ એમ સમજે છે ? મામા વધારે ગરમ થવા જાય ત્યાં તો મગનકાકા વચમાં બોલી ઉઠયા, નથુ ! હં તો તું એની સાથે ખાંધછોડ કર, નહિ તો છાનો રહે, એને કહેવું હોય તે કહેવા દે ! કાકાના સપાટાથી મામા ચૂપચાપ, કે નવનીતે શરૂ કર્યું.

એ તો તમેય જાણો છો કે આજથી પચ્ચાસ વર્ષ પહેલાં આપણા જ ગામમાં જૈનોની જેટલી વસ્તી હતી તેની આજે અડધી છે, તેમાંયે વિધવા, વિધુર ને બીજા બાદ કરીએ તો છે તેમાંથી પચ્ચાસ ટકા સાચી વસ્તી છે. એટલે પચ્ચાસ વર્ષના ગાળામાં આપણે પંચોતેર ટકા ઘટયા, અને ઘટે જ જવાના છીએ છતાં આપણી વસ્તી શાથી ઘટી એનો વિચાર કરશો તો આખોય કોયડો ઉકેલાઇ જશે.

કાકા—વસ્તી ઘટી છે ને ઘટે છે એ વાત સાચી. આપણા ગામમાં જ આ પ્રમાણે વસ્તી ઘટી છે ? કે આખી સમાજમાં ઘટી છે ? અને એ કંઇ ન્યાતો પોળોથી થોડીજ ઘટી છે.

નવનીત—ત્યારે શાથી ઘટી છે ?

કાકા—પચ્ચાસવર્ષમાં કેટલીએ વાર કોલેરા પ્લેગ વિ. અનેક રોગોથી ઘટી છે. નહિ કે ન્યાતના બંધનોથી.

નવનીત—કાકા ! તમે મુરબ્બી છો, ન્યાતના આગેવાન છો. ગામના આજમ વચમાં બેસી અનેક પંચાતો કરો છો. અને જરૂર જણાય તો ઘેર બેઠે દોરી સંચારથી પણ કામ લેતા આવડે છે. એટલે મુસદ્દી છો છતાં તમારે કબુલ કરવું પડશે કે રોગચાળાએ આપણા દેશ પર એનો પંજો ઉપાડેલો છતાં વસ્તીપત્રક બોલે છે કે દેશમાં વસ્તી વધી છે. આપણે જ વસ્તીમાં ઘટયા છીએ.

કાકા—ત્યારે તું એમ કહેવા માગે છે કે ન્યાતોથી ઘટી ?

નવનીત—હા, કાકા ! સાંભળો આપણી ન્યાતોના બંધારણ ખાવા પીવા માટે નથી. ફક્ત બેટા—બેટીની લેવડ દેવડ માટે જ છે, ને તેના રક્ષણ માટે અનેક કાયદા ઘડયા છે. આપણે નક્કી કરેલ વાડા બહાર કોઇ પોતાની દીકરી દઇ શકે નહિ; તેમ બહારથી લાવનાર જૈનની જ કન્યા લાવ્યો છે કે બીજાની તે જાણવા માટે જહાંગીરી કાયદાઓથી પજવણીઓ થાય. કદાચ ભૂલ જણાય તો ન્યાત બહાર, આ મુશ્કેલીથી સાધારણ વર્ગ બહારથી લાવતાં ગભરાય.

આખી સમાજ નાના વર્તુલમાં વહેંચાઇ ગઇ હોવાથી સૌ સૌના વર્તુલમાંજ દે. સૌને એટલે મ્હોટા ભાગને પૈસાદાર જ જોઇએ. આથી કન્યાના વાલીઓ બચપણમાં જ સગપણ કરી બાળલગ્ન કરી નાખે, તેના પરિણામે સમાજની તાકાત ઘટી, યુવાન યુવતીઓના આયુષ્યમાં ટુંકા થયાં. વિધવાઓની સંખ્યા વધી, વિધુરો વધ્યા, મુરતીઆ કરતાં પૈસાની ને કુળની પસંદગી તરફ વધારે ધ્યાન ખેંચાવા લાગ્યું. બહારથી કન્યા લાવતાં બહિષ્કારના ભૂતે અમુક કુંવારા રહ્યા. આથી સાધારણ વર્ગ મહા મુશ્કેલીમાં આવી પડવાથી અનેક માણસો જૈનધર્મ છોડી અન્યધર્મમાં ભળ્યા, બીજી બાજુ કન્યાના અભાવે અનેક માણસોના ઘેર તાળાં મરાયાં, ત્રીજું બીજાને બાળતા આટકાવ્યાં. એટલે વસ્તી વધે કે ઘટે ? ઘટે જ, —ચાલુ.

# સુઝેલું

લેખક:– **સર્વદમન**

## આજનું જૈન પત્રકારિત્વ.

આ વિષય ઉપર ઘણું લાંબુ લખી શકાય તેમ છે. પરંતુ આજે તો એની ઉપર એક ઉડતી નજર કરી લાંબુ લખવાનો વિચાર ભવિષ્ય પર જ રાખું છું. મને ઘણા વખતથી લાગે છે કે આજનો જૈન પત્રકાર એ એક દયાજનક પ્રાણી છે. ખાસ કરીને ગુજરાતની જ વાત કરીએ તો ગુજરાતમાં જેટલાં આપણાં પત્રો અને ચોપાનીયાં પ્રસિધ્ધ થાય છે તેમાં જે ગરીબડું સાહિત્ય અને ચવાઇ ગએલી વાનગી નજરે પડે છે, તે ઉપરથી બે ઘડી એમ જ થાય કે કાં તો આપણા પત્રકારો બહુ વ્યવસાયી હોવા જોઇએ. અને કાં તો પત્રકારિત્વનો વેપાર કરતા હોવા જોઇએ. આપણાં જ્યાં પત્રો પ્રત્યે કંઇક મમતા છે તેથી આ લખવાની જરૂર છે. કારણ કે આ પત્રો કંઇક વર્તુલની સેવા કરે છે પરંતુ તેમની આર્થિક કે એવી મુશ્કેલીઓથી પોતાનો ઉદ્દેશ પાર લાવી શકતા નથી. છતાં એકંદર આપણે વાંચકની દ્રષ્ટિથી જ જોઇએ તો આપણા પત્રોમાં કશીએ રસભરી સામગ્રી નથી જણાતી, કેટલાકમાં ફકત ફિરકાવાદી માનસ નજરે પડે છે તો કોઇક વળી કોઇ ચોકકસ નીતિ સિવાયના સુંદર લખાણોના અભાવે કોલમો ભરી નાખતું માલમ પડે છે. આ પરિસ્થિતિ માટે જેટલો આપણે પત્રકારને દોષ દઇએ તેટલો જ દોષ આપણા શિક્ષિત ભાઇઓનો છે. આ ભાઇઓ પરિષદોમાં જ્યારે ગાજે છે ત્યારે એમ લાગે કે સમાજનું મોક્ષ વેંત જ દૂર છે, પરંતુ તેમાંનો મોટો ભાગ ત્યાર બાદ સુષુપ્તિ સેવે છે. આ શોચનીય પરિસ્થિતિનો આપણે અંત લાવીએ તેમાં જ આપણી પ્રગતિનું હિત સમાએલું છે. જો આપણે પ્રચારનું માહાત્મ્ય સમજતા હોઇએ તો આપણા પત્રકારોના કોલમો મનન પૂર્વકના લખાણો, સમસ્યાઓના ઉકેલો અને ધગધગતા વિચારોથી ભરપૂર હોવા જોઇએ. આપણા પત્રકારોમાં કેટલાક આશા આપનાર ભાઇઓ છે અને લાંબુ આયુષ્ય ભોગવવાને લાયક તેવા પત્રો પણ છે, પરંતુ પત્રકારોએ તેમના અભિલાષ પૂરા કરવા હોય તો તેમણે સમાજને ગમતું વાંચન આપવું જ પડશે. આપણા જુના સાહિત્ય-માંથી વાર્તાઓને નવા સ્વાંગમાં સમાજ આગળ મૂકવા અને આપણા કેટલાયે સમાજપ્રશ્નોને બીજા સમાજોની તુલનામાં મૂકી તે વિષે નૂતન ઉકેલો કાઢવા. વિ. વિ. માટે લેખકોનું અમુક મંડળ પોતાનું કરી નાખવા તેઓએ જે કરવું ઘટે છે: તે કરવું જ પડશે.

## ઢંગી માનસ.

હમણાં હમણાં ઉચ્ચ હિન્દુ (જૈન સુધ્ધાં) સમાજમાં કેટલાક અનિચ્છનીય લગ્નો થયાં છે તેથી સમાજમાં સનસનાટી થઇ છે. આવા પ્રકારનાં લગ્નો કે જેમાં–એક પત્નિ હયાત છતાં યુવાનો તેને અકારણ તરછોડી બીજી પત્નિ કરે છે–એક જાતની અધમતા રહેલી છે તેને સમાજે અને યુવકસંસ્થાઓએ તિરસ્કારવાં જ જોઇએ. કારણ કે આવા લગ્નોથી તેવા લગ્ન કરનાર પ્રત્યેક યુવાન અને યુવતિ સમાજ સુધારાને અને યુવક ચળવળને દગો દે છે. તેટલું જ નહિ પરંતુ આપણી પ્રગતિને અવરોધે છે. આપણે આ કારણે પ્રબળમત એટલો કેળવવાની જરૂર છે કે તેવા લગ્નથી જોડાતી વ્યક્તિઓને પોતાની ભૂલ માટે પશ્ચાતાપ કરવો પડે.

સ્ત્રી સંસ્થાઓએ પણ આવા બનાવો પ્રત્યે પોતાનો તિરસ્કાર વ્યકત કરી, કેટલીયે સ્ત્રીઓ જે દયા અને રક્ષણને પાત્ર બને છે તેમને માટે, અને સમાજને આવા કલંકિત કરનારા બનાવો ફરી બનવા ન પામે તે માટે સ્ત્રી સમાજમાં વિશેષ જાગૃતિ લાવવા જરૂર છે. આર્યાવર્તની અંદર જાતિનાં જે ઉંચા ધોરણો અને પશ્ચિમના કાયદાઓને ઠેકાણે આપણા રિવાજો જે ગરજ સારે છે, તે દશામાથી સમાજને નીચો લાવવા માટે આવા અનિચ્છનીય અને બીન જવાબદાર રીતે લગ્ન કરનાર કોઇ પણ યુવાન કે યુવતિ જવાબદાર છે.

---

(હંસાનો વિવાહ–અનુસંધાન પૃષ્ઠ ૭ થી ચાલુ.)

"આટલી ઉમ્મરે છોકરાંની ખાતર બધું કરવું પડે સમજ્યો."

"બાપુ! એમ નહિ બની શકે" વિનોદચંદની સિધ્ધાંત ભકિત ઉછળી આવી. અને બોલ્યા:–"છોકરાંની ખાતર ગમે તે સહન કરવા, ગમે તેવી સત્તાની સ્હામે થવા હું તૈયાર છું પણ અસત્યનો માર્ગ મને ન ખપે" પછી જરા નમ્ર બની રહે છે. આપે આટલી ઉદારતા બતાવી તેજ બસ છે. આપ નવલચંદને મ્હોંડે બોલી ગયા કે–'તમારા પરસોતમ સાથે મારી હંસાનો વિવાહ કરવાનો મારો વિચાર છે' એટલા જ ખાતર જો જ્ઞાતિનું બંધન તૂટતું હશે અને જ્ઞાતિ જો મ્હારા કુટુંબનો બહિષ્કાર કરશે તો મને તેની પરવા નથી. હવે તો બહિષ્કારનું શસ્ત્ર એ તો બુઠું બની ગયેલું હથિયાર છે. ન્યાતને ઉગામવું હોય તો ભલે ઉગામે. મને–"

"અરે! ઉગામવું!" ડોસા વચમાં જ ગાજી ઉઠ્યા, એની ધારને બુઠ્ઠી બનાવતાં મને આવડે છે. સમજ્યો."

"પિતાજી! હું ઇચ્છું છું કે હવે આ બાબતમાં આપ તદ્દન નિષ્ક્રિય બની જાવ એજ ઉચિત છે; મ્હારી એ વિનંતિ પણ છે.' વિનોદચંદે પિતાજી પાસે આગ્રહભરી માગણી કરી.

"ભલે. ભાઇ! જેવી તારી ઇચ્છા" ડોસા સમ્મત થયા. અને તરત જ વાત બદલતાં બોલ્યા:–"હાં, વિનોદ! પ્રફુલ્લ કયારે આવવાનો છે?"

"પરમ દિવસે"

"એ વળી બબડાબોળ છે. તે તેમ કહેશે કે–હમે નિષ્ક્રિય બની જાવ. ચાલો ઠીક મજા પડશે" એમ બોલી ડોસા હસતા હસતા ઉઠ્યા. અને "ઠીક. પડશે તેવા દેવાશે. હવે બધા સુઇ જાવ" એમ સૂચના આપી ચાલ્યા ગયા.

દાદાજી દાદરે પહોંચ્યા એટલે પ્રમીલા અને હંસા પણ ઉઠ્યાં. ઓરડાની બ્હાર નીકળી આનંદમાં આવેલી હંસાએ પ્રમીલાને પડખામાં ગોદો માર્યો. અને પોતાના ઓરડા તરફ ઉતાવળે પગલે ચાલવા માંડ્યું, પ્રમીલાએ ઝડપથી પાછળ જઇ તેને પકડી લીધી અને તેના કુમળા ગાલ ઉપર ટપલી મારી ઉચ્ચાર્યું:–"પાછું હેત ઉભરાઇ આવ્યું કે?"

બન્ને ખડખડાટ હસી પડ્યાં!

સંપૂર્ણ.

# ધર્મનું ઝેર.

ધર્મ એ અમૃત સ્વરૂપ છે, તે ધર્મ જ્યારે વિપરીતપણે પરિણમે ત્યારે ધર્માંધતા રૂપ ભયંકર વિષ બની આત્માને અને સમાજને અધમદશાએ પહોંચાડે છે.

વર્તમાન સમયે બુધ્ધદેવના અવતાર જેવા મહાપુરૂષો ધર્મને ઝેર કહેતા હોય તો તે તેના વિપરીત અને અનર્થકારી સ્વરૂપને લઇને જ.

લોકો ભુખે મરતા હોય, રોટલાને અભાવે બેરોજ બનતા હોય તે સમયે જે ધર્મ મૂર્તિઓને દાગીનાઓથી શણગારવાનું શીખવે છે તે ધર્મ ધર્મ નહિ પણ ધર્માભાસ છે. એ ધર્માભાસ નરકને વિષે સર્વ કોઇને લઇ જાય છે.

જૈન સમાજના જ્ઞાન પ્રાણોને ધર્માભાસતા ભયંકર રીતે ભરખી રહી છે, સેંકડો ગુણવડે વિભૂષિત જૈન જો ક્રિયાજડ ન હોય તો તે ધર્માભાસ જૈન સમાજમાં હડધૂત થાય છે. જ્યારે વ્યભિચાર વિગેરે દૂષણોથી ભરપૂર ક્રિયાજડ ધર્માભાસ જૈનસમાજમાં પૂજાય છે. એ ધર્માભાસ જૈન સમાજ આજે ગટરમાં સડે છે. હીન માનસના હોવાનો હજારો જૈનો ધર્મભ્રષ્ટ થવા છતાં આંખ આડા કાન કરે છે.

એ ગટરમાં સડવામાં સહાય કરનાર જ્ઞાતિના વાડાઓ જ છે, જે વાડાઓના આગેવાનો ઓછી બુદ્ધિના છે. એ મંદબુધ્ધિવાળાઓજ કુસાધુઓનાં કાળાં કર્મો પર ઢાંકપિછોડો કરે છે. જૈન ધર્મ પોકારીને પડકાર કરે છે કે કુસાધુ અને કુશીલીઆઓને પોષવામાં ભયંકર પાપ છે, જૈન શાસ્ત્રો કહે છે કે સુમતિ નામના શ્રાવકે કુશીલિયા સાધુની કરેલ સંગત માત્રથી અનંત સંસાર વધાર્યો. અંધશ્રધ્ધાના અવતાર ભૂત કુસાધુઓ, સમાજની કુરૂઢીઓ અને કુપ્રથાઓને ધર્મના નામે પોષે છે. જે વિષ રૂપ બની જૈન સમાજનો ભયંકર વિનાશ નોતરી રહેલ છે.

જૈન યુવક! જાગૃત રહેજે! ધર્માંધ વિષધરો સમાજને કરડી ન જાય તે માટે તું ગરૂડ બનજે! વિષમકાળના વિષધરો અધ્યાત્મમય જૈન ધર્મને મડદા જેવું ન બનાવે તે માટે તું સદાયે સાવધાન રહેજે!

જૈન ધર્મ સમસ્ત વિશ્વને સંપૂર્ણ શાંતિ અર્પી શકે તેવા સિધ્ધાંતોનો સૃષ્ટા-સરજનહાર હોવા છતાં વાણીઆઓના હાથમાં જવાથી લોકોમાં હડધૂત થઇ રહ્યો છે તે અહિંસાના અતિરેકને લઇને જ.

જૈન ધર્મની લોકોત્તર શ્રેષ્ઠતા ઉનુંપાણી પીવામાં કે લીલોતરી નહિ ખાવામાં નથી પણ જૈન ધર્મની અનુત્તર અનુપમતા વેશ્યા કે કસાઇને પુરૂષાર્થવડે પ્રતિબોધી જૈન બનાવવામાં છે.

અનુત્તર દયાવાન અને અનુત્તર બ્રહ્મચર્યવાન ભગવાન શ્રી વીરસ્વામીના વીર ભવ્ય અધ્યાત્મ માર્ગને લોભાગુ અને સ્વાર્થ લોલુપી શઠ આચાર્યો અને શ્રીપૂજ્યોએ વિકારી અને વેવલા ભક્તડાઓનો જ સંપ્રદાય બનાવી દીધેલ છે, પરમ કલ્યાણકારી જૈનધર્મ સમસ્ત વિશ્વને વીર અને પુરૂષાર્થશાળી કરે તેમ હોવાથીજ જિનમાર્ગના પુનરુધ્ધારની પરમ આવશ્યકતા છે.

જિનશ્રી વીરભગવાનના વિશિષ્ટ–અલૌકિક ધર્મને ધર્માંધતારૂપ ધર્મના ઝેરે મૃતપ્રાય: કરેલ છે તેને પુનર્જીવન આપવા માટે ભગવાન કુંદકુંદાચાર્ય અને સમર્થ શ્રુતધર હરિભદ્રસૂરીશ્વરજી જેવા વિચક્ષણ વૈદ્યોની આવશ્યકતા છે.

જૈન યુવકોએ ધર્મના વિષને પ્રબળ પુરૂષાર્થ વડે દૂર કરવાની પરમ આવશ્યકતા છે, ધર્મનું વિષ દૂર થતાંજ ધર્મમૂર્તિ હરિભદ્રસૂરિ અને કુંદકુંદાચાર્ય જેવા યોગીન્દ્ર શિરોમણિ મહાપુરૂષો જૈન સમાજમાં જરૂર અવતરવાના અને જૈનધર્મને પુનર્જીવન અર્પવાના.

**શ્રી જાદવજી કેશવજી ડભાસંગવાળા.**

# તપતાં તારુણ્ય.

વ્યોમ વચ્ચે તપતો શો મધ્યાન્હ રવિ !
અંગે અંગમાંથી ઉછળતી
અગ્નિ–જ્વાળા–ઝળહળતી !–શું જાણે
મહા–યજ્ઞ આદર્યો ! ને મહીંથી પ્રકટતી
કિરણાવલિઓ–લાલ લાલ રક્ત શી !–
જાગમ વરસતી અગ્નિ વર્ષા !
ને એનો દહદહતો
તાપ ! બાળતો ને ખાક કરતો કંઇકને !
કોણથી એ ઝીલાય ?
વળી તેજ તેજનાં અંબાર !
આંખો આંજતા કિરણો વેરતો !
ને નિબિડ અંધકાર ફેંદી જગ અજવાળતો !
પોતે પ્રકાશીત પરને પ્રકાશતો !
વ્યોમ ને વાદળા
ચંદ્ર ને તારલા
સૃષ્ટિને સર્જેલા–
પ્રકાશી ઉઠે એને પ્રકાશે !
એના કિરણો કયમ ઝીલાય ?
એનો તાપ કયમ સહેવાય ?
યૌવન આવ્યે પ્રગટે શાં **તપતાં તારુણ્યે** !
અંગે અંગે ઉઠતી ક્રાન્તિ-જ્વાળા
–ક્રાન્તિ ! ક્રાન્તિ !–જાણે બ્રહ્માએ પ્રગટ સર્જન
આદર્યાં મહીંથી પ્રસરતી કિરણાવલિઓ–
ત્યાગની, બળિદાનની, આત્મભોગની–'યાહોમ'ની
શું જાણે સેવા ને સમર્પણ વર્ષતા !
શો એનો દાહતો તાપ !
કંઇક કુરૂઢિઓને કુરિવાજોને દાહતાં ! અંધશ્રધ્ધા
ને અજ્ઞાનને ખાક કરતો! પ્રગતિ–નિરોધકોને
બાળતો ! કોણથી એ ઝીલાય ?
ને તેજ તેજના અંબાર શાં
વેરતો–સાહસ, શૌર્ય ને ધૈર્યનાં કિરણો–
ભિરૂતામાં ભડવીરતા પ્રેરતા ! નિડરતા ને
નિર્ભયતા
ભરતા ! ભ્રમિત–ભરમાવનારાઓને આંજતા !
અણપેખ્યું ને અણજાણ્યું અજવાળતા !
દંભો–પાખંડો પ્રજાળી સત્યને આત્મબળ
પ્રસારતા !
જુવાન, બાળ, વૃધ્ધો
શ્રીમંતો–ગરીબો
સમાજ યા વ્યક્તિ હો !
પામતા પ્રેરણા **તપતાં તારુણ્યે** !
એના આદર્શો કયમ ઝીલાય ?
કયમ શૌર્ય–સાહસ પેખાય ?
જુવાન ! તારુણ્ય ત્હારૂં,
છે મધ્યાહ્નના સૂરજ સમું !
ત્હારા તપતા તારુણ્યેઃ–
જુનવાણી ખાક શી બળે–
નવ–સર્જન–દિવડીઓ પ્રગટે !

**શ્રી ભાઇલાલ બાવીશી.**

# દલપત-કાન્તા લગ્ન

લેખક : : શ્રી ડાહ્યાલાલ વી. મહેતા.

થોડાંક વર્ષો પર બે મર્યે ત્રીજી પરણતા પુરૂષને શ્રી લિલાવતી મુનશીએ 'લગ્ને લગ્ને કુંવારા લાલ' કહી ધિક્કાર્યો હતો. નાકનાં ટેરવાં ચઢાવીને ફરી ફરી પરણતા પુરૂષને વાસના-યંત્ર કહી યુવાનો હસી કહાડતા.

આજે આ શું થઇ રહ્યું છે? પ્રભા-નાથાલાલ, મનુ-વિનોદિની, દલપત-કાન્તા આ શું કરી રહ્યા છે? આ સુધારો છે? એમાં હિમ્મત છે? એમાં સામાજીક કલ્યાણ છે?

સુધારકોના એના પર અભિશાપ છે. એમાં રહેલી હિમ્મત વડેલાની હિમ્મત કરતાં જુદા પ્રકારની નથી. એમાં સમાજનું નહિ, પરણનારાંનુંયે કલ્યાણ નથી-કારણ કે એમાં કોઇકના અકલ્યાણ કરવાની ભાવના રહી છે.

હિન્દુ લગ્નમાં Divorce નથી; અને એથી ત્યકતાને ખુબ દુઃખ રહે છે. એ ફરી પરણી શકતી નથી-અને પરાયાની દયાળુજીની જાળમાં જીવતા લગી એને શોષાવું રહે છે.

કોઇ આવાં લગ્ન પર કૃપા કરી તટસ્થ ન રહે. ગામેગામના યુવાનો આને વખોડી કહાડે. પાલણપુરનાં યુવાનો ચુપ કેમ છે? માણસ પરત્વે નહિ, એના કાર્યો પરત્વે જાહેર અભિનંદન આપવાની ફરજ સ્વીકારાઇ હતી તેમ એનો વિરોધ કરવાની ફરજ પણ સમજાવી જોઇએ..........................................................................તારાચંદ.

દલપત-કાન્તા લગ્ન જૈન સમાજનું નહિ, સારાયે સમાજ સુધારાનું કલંક છે.

હજારો ધીક્કાર એ લગ્ન પર વરસી રહ્યા છે. ધીક્કારનો એક ઉદ્ગાર અમારોએ એમાં છે.

દલપત કોઠારી દ્રોહી બન્યા છે, વ્યભિચારરૂપે કાન્તા પરિપ એમાં ફસી પડી છે.

ભણીગણી કુમારિકાઓ પરણ્યા પુરૂષને જોઇને આટલી પાગલ બનતી હશે? પાલણપુરની પ્રભાવતીએ જસુબ્હેનના નાથાલાલને ઝુંટવ્યો, અમદાવાદનાં વિનોદિનીએ શારદાબ્હેનના મનુભાઇને ઝડ-પાવ્યો, ભાવનગરી કાન્તાએ, સ્નેહલગ્ને સંકળાએલી તારાબ્હેનના દલપતલાલને પકડી પાડ્યો.

બનવા જોગ છે, સામાજીક રૂઢિઓના લીધે કુમારિકાઓ એવાં સપત્નિ પુરૂષો પર સ્વભાવિકપણે, બિન અનુભવથી આંખ ઠારે; પુરૂષના વજનપર કે હમારા આદર્શની ધૂન પર અંધ બને. શા માટે ભણેલા ગણેલા પુરૂષો, જવાબદારી સમજતા પુરૂષો, નવીનારી નિરખીને પહેલી પ્રિયતમાને પડતી મુકે? કાલા-ઘેલા એ નરભ્રમરો નવીના નેહને વહેતો દેખી પ્રથમ પત્નિના પ્રેમનું શા માટે નિકંદન કાઢે?

દલપત-કાન્તા લગ્ન તરફ વિરોધનો વંટોળ જાગ્યો છે, રોષનો દાવાનળ ફાટ્યો છે, છતાંએ દલપત-કાન્તા જવાબ આપી શકે તેમ નથી, ખુલ્લો પાંગળો બચાવ કરવાનીયે તેમનામાં તાકાદ નથી. ચુપકીદી પકડીને ઉહાપોહને ઠંડો પાડવાની રીત એમણે સકારણ અખત્યાર કરી છે. શું જવાબ આપવો? શું કહેવું? કઇ દલીલો ફેંકવી? કોના આગળ ફેંકવી? તારાબ્હેનના નિવેદનનો કઇ હિંમતથી પ્રતિકાર કરે?

દલપત કોઠારીએ સુધારક હોવાનો, સંસ્કારી હોવાનો દાવો છડેચોક બાંગ પોકારીને કર્યો હતો. તારાબ્હેન સાથે પુનર્લગ્ન કરીને પાલણપુરના મૂર્તિપૂજક મહાજનોને એ સંસ્કારી (!) પુરૂષે વિધવાઓના આર્તનાદ વર્ણવતો એક પત્ર પણ પાઠવ્યો હતો, ચારિત્રનાં નૈષ્ઠિક બ્રહ્મચર્યનાં, સંયમનાં એમાં ભારોભાર બણગા ફુંકનાર, વિધવાના એ ઉધ્ધારકે પ્રતિષ્ઠા પામવાની ખાતર વર્તમાનપત્રોમાં એ પત્ર પ્રસિદ્ધ થવા પણ દીધો હતો.

દલપતલાલે શપથ લીધા હતા, "**પચ્ચીશ વર્ષ પહેલાં પરણીશ નહિ.**" વીશમે વર્ષે એણે તારાબ્હેન સાથે પુનર્લગ્ન કર્યાં!

અને એને કોણે ઉંડા ખાડામાં ઉતાર્યાં હતા? પુનર્લગ્ન કરવાને એને કઇ અગોચર પ્રતિજ્ઞાએ દોર્યા હતા? કર્યાં પછી તારાબ્હેનના જીવનનો કચ્ચરઘાણ વાળવાને કયા કારણો બળવાન હતાં?

પુનર્લગ્ન કરીને તારાબ્હેને પાલણપુરમાં પગ મૂક્યો નથી. ક્યાં ઉતરે? કોના ત્યાં રહે? વિધવાના ઉધ્ધારકને મૂંઝવી નાંખતો એ પ્રશ્ન, તારાબ્હેનને દેશવટે રાખવાને પુરતો હતો.

અને એ દેશવટા પાછળ-ભોળી તારાબ્હેનની પાછળ, દલપતલાલ કઇ ધૂર્તતા ખેલતા નહોતા? એ દિવસોમાં તારાબ્હેનની ફજેતી સિવાય બીજું કશુંયે સંભળાતું નહતું. એકથી બીજે મુખે કર્ણકોની લાંબી હારમાળા સિવાય તારાબ્હેન માટે બીજું કશુંએ ખડકાતું નહતું. દુર બેઠે એ કઠપૂત બનતાં. દેશાંતરે બેઠાં એ પાલણપુરીઓની ગુપ્ત વાતોની અદ્રશ્ય મૂર્તિ બનતાં.

સારૂં છે કે તારાબ્હેને આજ ચાર વર્ષે પણ જાહેર રીતે જીભ ખોલીને દલપતલાલની ધૂર્તતા જગત સમક્ષ સ્પષ્ટ રીતે ધરી દીધી છે. દલપતલાલે બિછાવેલી જાળ એના તાંતણે તાંતણે નહિ પણ આખી, એક સામટી તો પીંખી જ નાંખી છે.

કોઇ ભણકારો આવતો, કોઇ દલપતલાલને પૂછતું. આગામી લગ્નના ભણકારાનો ઝાંખો ઝાંખો જવાબ મેળવવા કોઇક ઇચ્છતું, અને કડક વૈરાગી સંસારને અક્કડ ગરદનથી જેમ તિરસ્કારી કાઢે, તેમ, તેટલી સફાઇથી એ વાત ઉડાવી દેતા.

તારાબ્હેનને તરછોડવાના કયા કારણો ઉભાં કરવા પડ્યાં? તારાબ્હેનનો અક્ષમ્ય ગુન્હો? પાલણપુરને-પોતાની પ્રતિષ્ઠા પુનઃ પ્રાપ્ત કરવી હતી? નવીનો નેહ, તારાબ્હેનને છેહ દેવાને, હ્રદય મચાવતો હતો?

મુક્ત સહચાર ને મુક્ત વિહારની શીળસૂરી યુવાનો આગળ ધરીને, મનમાં પોષાતા મનોરથોનું એ સ્પષ્ટ પ્રદર્શન કરતા. લગ્નસંસ્થાને એ તિરસ્કારતા. છતાં કાન્તા સાથે એ ફરીવાર **લગ્નબંધન**માં કેમ પડયા ? મુક્ત સહચારિણી તરીકે એણે જગત સમક્ષ એને કેમ ન ધરી ? લગ્ન સંસ્થા વિરોધી અને લગ્નબંધથી નહીં નારી શીદને સ્વિકારી ?

એ નર્યું સત્ય છે. દલપત–કાન્તા સમજી લે. **અંધારી અમાસે કોઇ દી' અજવાળાં પાલણપુરમાં ઉગી નિકળશે, પ્રેમને પ્રતિષ્ઠા, પાલણપુરમાં કોઇ દિ' તેમને દેખાએ દેવાનાં નથી.**

નારીજીવન પ્રત્યે પુરૂષની પાશવતા અપાર છે. પુરૂષની શયતાની-યત અજબ છે–અજોડ છે. **જુનવાણી** સમાજ રૂઢિના નામે નારી જીવનને ચાકડીમાં પીસી નાંખે છે. નવા યુગના નરભમરો 'સુધારા'ના નામે નારી જીવનને ચડાવી મારે છે. નારી જીવનની દુર્દશા પુરૂષો તરફથી અનેક રીતે થાય છે. છતાં સારૂં છે કે નવાયુગની નારી હવે પુરૂષપર પરાવલંબી નથી.

હોતનો તારાબ્હેન ! તારી શું દશા થાત ? સારૂં છે કે તું અધ્યાપિકા છે. તારા ભરણપોષણને જીવન માટે તારા દેહમાં એ તાકાદ છે. સારૂં છે કે તું સમાજની ગોદે સુખ વાંચ્છતી નથી. તારા સામર્થ્યપર, ઇચ્છવા જોગ છે કે તું મુસ્તાક છે.

નહિ તો દલપત–કાન્તાના યુગલને તું પાયે પડત ? રોટી માટે તું એમને રીઝવત ? સારૂં છે કે એક વખતની શરમાળ વિધવામાંથી તું વીરાંગના બની ગઇ છે. સારૂં છે કે ચારવર્ષમાં ચાર ફેરાનું સાચું જ્ઞાન તું સમજી ગઇ છે **"હું દીન નથી, હું દુ:ખી નથી, કોઇને મારી દયા ખાવાનો હક્ક નથી"** એ શબ્દો ગજરાબ્હેનના નથી, શારદાબ્હેનના નથી, એમના જેવી નારીઓના નથી. એ શબ્દો સ્વશક્તિપર અટુટ શ્રધ્ધા ધરાવનાર તારાબ્હેનના છે. પુરૂષના પાખંડની જાણકાર નારીના છે.

આવી નારીઓના આ દર્દને ઉખેડવાનો કોઇ માર્ગ જ નથી ? પુરૂષપર બંધન મુકીને નારી તેને જકડી રાખે તેવો માર્ગજ નથી ? તારાબ્હેને **"સિવિલ મેરેજ એક્ટ"**થી લગ્ન કર્યાં હોત તો દલપતલાલની તાકાદ તેને છેહ દેવાની રહેત નહિ. અજ્ઞ સમાજ વચ્ચેથી ઉછેલી અજાણ વિધવાને એની ખબર નહિ હોય; હોત તો એ દલપતલાલની ખાતર એ વખતે એ ફનાગીરીની તમા નજ કરત પણ પાછળ પેદા થયેલા આઘાતોમાંથી એ આજે બચી રહી હોત. કન્યા કે વિધવા **'સિવિલ મેરેજ એક્ટ'**થી જોડાવાનો નિશ્ચય શા માટે ન કરે ? ભવિષ્યમાં "શોકયનાં સાલ" ઉભા થવાની પાળ પાણીનાં પૂર આવે તે પહેલાંજ કેમ ન બાંધે ? પુરૂષના માટે એ કાયદો બીજી પત્નિ કરતાં પહેલાં ઓળંગવાનો વિકટ કિલ્લો છે. આર્થિક સમાનતા પ્રાપ્ત કરી નાખવી એ સ્ત્રીઓ માટે બીજી એક આણીની પેઠે મળતી **એવી** મદદ છે.

લેખો લખાશે, વંચાશે, કાલે આ પ્રકરણ પૂરું થશે. દાખલો દેવા પૂરતું યાદ રહેશે, વિસારે પડશે. ત્યાર પહેલાં મરણ શૈલે જીવતા **પાલણપુર યુવક સંઘને** એની ફરજનું કંઇએ ભાન થશે ? દલપત–તારાના પુનર્લગ્નને દીધેલાં અભિનંદનના પડઘા તોડી નાંખવાની પોતાની ફરજ સમજશે ? કંઇક કરશે તો યોગ્ય ગણાશે, નહિ-તર, આ લગ્નની આભડછેટ જાણે, જનતાથી એ અસ્પૃશ્ય બનશે. શરમના, ધીક્કારના ઉદ્ગારો વચ્ચે નહિ તો એની દફન ક્રિયા થશે.

# હંસાનો વિવાહ

**( એક પ્રસંગ કથા. )**

લેખક:–**શ્રી સુધાકર**

( ગતાંકથી ચાલુ. )

ત્યાં પ્રમીલા અને હંસા આવી પહોંચે છે. બંને જણ કમળાની જોડે બેસી જાય છે.

"હવે એને જેમ કરવું હશે તેમ કરશે" એમ કહી ડોસાએ વાતને ટુંકી કરી. અને પોતાની નજર પ્રમીલા અને હંસા તરફ ફેરવી બોલ્યા:–'પ્રમીલા ! ત્હારી અને હંસાની વચ્ચે થયેલી વાત જ્યારે તું તારી સાસુને કહેતી હતી. ત્યારે તેં જેમ મારી વાત છાનામાના સાંભળી હતી. તેમ મેં પણ સાંભળી હતી. હંસા, દીકરી, મારે તો તને બીજું કહેવાનું નથી. દાદાજીને નાનપણમાં રમકડે રમતાં આવડ્યું હતું. તેમ આ ઘરડી ઉમ્મરે પણ રમતાં આવડે છે. અને એ 'રમકડાં'નો બચાવ કરતાં, તેમનું હિત સાચવતાં પણ આવડે છે કે નહિ તે બંને જોજો ! ડોસાનું વ્હાલ ઉભરાઇ આવે છે. અને ઉમેરે છે:–"બેટા ! મારી વાતમાં ખાર નહિ. તેં કહેલા શબ્દો જ્યારે પ્રમીલા તેની સાસુને કહેતી હતી ત્યારે તો મને તારી 'નાદાની' ઉપર ફક્ત હસવુંજ આવેલું. પરંતુ 'દાદાને રમકડે રમવાનું' મન થયું હોય તો ભલે રમે, હું તેમનું રમકડું બનવાની ના પાડું છું' તારા એ શબ્દો મારા હૃદયમાં ગુંજ્યા કરતાં હતાં. નીકમલાલ આવ્યો તેની જોડે મેં વાતો કરી અને જ્યારે તેને કન્યાની ખાતર અને બીક બતાવતો, દમ આપતો અને ખુશામત કરતો જોયો ત્યારે તારા એ શબ્દોએજ મારી શાન ઠેકાણે આણી. અને મને સમજાયું કે ખરેખર અમે બુઢ્ઢા છોકરાઓને પરણાવવામાં તો તેમની પાસેથી એજ આશા રાખીએ છીએ કે–"તે અમારાં રમકડાં બની રહે" બુઢ્ઢ જરા થોભ્યા અને બોલ્યા:–"હંસા ! આ દાદો તને ઉછેરી છે. તારા દીલમાં મારા માટે પૂજ્ય ભાવ છે તે હું જાણું છું અને બ્હેન ! હું પણ ઘરમાં રહું છું. હાં ! બંધાએલી વાઘણની માફક શાન્ત પણે આમ તેમ આંટા મારે છે. ત્હારો બાપ અને મા આખો દિવસ ચિંતાતુર અને ઉદાસ જણાય છે. પ્રમીલા બિચારી બ્હીનેલી હર-ણીની માફક ઘરમાં દોડાદોડ કરે છે. એ બધું મારી સગી આંખે મેં જોયું છે અને હવે મને સમજાયું છે કે મારા સાહસથી તારા હૃદયને આઘાત પહોંચ્યો છે. ત્હારૂં હૃદય કકળી ઉઠયું છે. અને તારા દુ:ખે એ બધાં મુંઝાઇ મર્યાં છે" એમ કહી ડોસા જરા ટટ્ટાર થયા અને બોલ્યા:–પણ હરકત નહિ. આ દાદાની બુધ્ધિમાં વિશ્વાસ રાખજે ! દાદાને મારતાં અને તારતાં બન્ને આવડે છે !"

ડોસાએ હૃદયનો ઉભરો ખાલી કર્યો. બધાએ શાન્તપણે સાંભળ્યા કર્યું. પિતાજી બોલતાં બંધ થયા એટલે વિનોદચંદ બોલ્યો:–"બાપુ ! આટલી ઉમ્મરે તમારે કાંઇ........"

"હા, હા, વિનોદચંદને બોલતો અટકાવી બુઢ્ઢ બોલી ઉઠયા:–

( અનુસંધાન જુઓ પૃષ્ઠ ૪ થું. )

# સ ❖ મા ❖ ચા ❖ ર

**એક વહોરા કુટુંબ હિન્દુધર્મમાં.**

સિધ્ધપુરના રહીશ એક વહોરા કુટુંબને અમદાવાદમાં આર્ય સમાજમાં શુધ્ધિ કરી હિંદુધર્મમાં લાવવામાં આવ્યું હતું. વહોરા ગુલામઅલીનું નામ ગુલાબચંદ, તેની પત્નિ બાઇ સકીનાનું નામ લક્ષ્મીદેવી, પુત્ર સૈફુદીનનું નામ ગુજલાલ અને પુત્રી જેનમનું નામ શાંતિદેવી રાખવામાં આવ્યું છે.

**હરિજનલગ્નમાં સવર્ણોની હાજરી.**

અમદાવાદ મજુર મહાજનમાં વ્યાયામ શિક્ષક તરીકે કામ કરતાં હરિજન મુળશંકર ભીખાભાઇ તેમનાં લગ્ન હરિજન આશ્રમમાં શિક્ષણ લેતી હરિજન બાળા શ્રી પુષ્પાબેન સાથે પસંદગીનું લગ્ન શેઠી વિદ્યાગૌરીના બંગલે થયું હતું. આ લગ્ન પ્રસંગે હરિજન ભાઇઓ તથા સવર્ણોએ સારી હાજરી આપી હતી. અને વર-વધુને આશિર્વાદ આપ્યા હતા. આ લગ્નમાં બંને પક્ષના સગાંઓની સંમતિ હતી. મી. મુળશંકરે હરિજન કોમમાં વ્યાયામનો સારો પ્રચાર કર્યો છે. હરિજન કોમમાં પસંદગીનું લગ્ન નવી ભાત પાડતું આ પ્રથમજ છે.

**યુરોપીયને આર્યસમાજીષ્ટ ધર્મ સ્વીકાર્યો.**

સુરતની કેલેન્ડર કેગન્સ કું. લી. માં સુપરવાઇઝર તરીકે કામ કરતા ૩૦ વર્ષના એક યુરોપીયન મી. જે. ડબલ્યુ. રોગર્સે પોતાના ક્રિશ્ચિયનધર્મનો ત્યાગ કરી સુરત આર્ય સમાજમાં શુધ્ધિ કરાવી આર્ય ધર્મ ગ્રહણ કરી આર્ય સમાજીસ્ટ થયા છે અને તેમનું નવું નામ જિતેન્દ્રરાય રાખ્યું છે. શુધ્ધિ પછી ભાષણ કરતાં જણાવ્યું કે-હું કેટલાક વખતથી ધર્મગ્રન્થો વાંચતો હતો, કારણ કે ખ્રિસ્તિ ધર્મમાં મને સત્ય ન જડયું. ઇશ્વરી આવિર્ભાવ ક્રાઇસ્ટમાં હોવો એ અસંગત છે ને કોઇ પણ માનવી ઇશ્વરનો પુત્ર કે એ પ્રમાણે ઇશ્વરી આવિર્ભાવ હોવાનું કહી શકે નહિ. મેં ઘણાં ગ્રંથો વાંચ્યા પણ મારા મનનું સમાધાન થયું નહિ. તેથી મેં અંતે આર્ય ધર્મ સ્વીકાર્યો છે. તેનો જન્મ લાહોરમાં થયો હતો. તેણે મસુરી રહી પાછળથી અલ્હાબાદમાં સિનિયર કેમ્બ્રિજ સુધી અભ્યાસ કર્યો હતો.

**જુદા ફીરકાના જૈનો વચ્ચે લગ્ન.**

આકોલા તા. ૧૬ અમદાવાદના શ્વેતાંબર જૈન શેઠ છોટાલાલ દેવચંદના લગ્ન સનાતન જૈન સમાજના મિસ છબીલાબાઇ સાથે આકોલાની ભારતીય સનાતન જૈન સમાજના આશ્રય નીચે થયા છે.

**આર્યસમાજી નેતા જૈન.**

આર્યસમાજના સમર્થ વિદ્વાન અને પ્રચારક સ્વામી શ્રી કર્માનંદજીએ આર્યસમાજ ધર્મની તિલાંજલી આપી જૈન ધર્મ અંગીકાર કર્યો છે. સ્વામિજી પચીસ વર્ષથી આર્યસમાજના ઉપદેશક હતા, જૈનધર્મના તેમના અભ્યાસનું આ પરિણામ જણાય છે. હવે તેઓશ્રી જૈનધર્મના તત્વોના પ્રચારનું કાર્ય કરેશે.

**કુ૦ ભીખુ બાટલીવાળા આ૦ વિદ્યાધિકારી તરીકે.**

આ પારસી બ્હેન વિલાયતથી બેરીસ્ટરની પદવી લઇને હમણાં જ દેશમાં આવ્યા છે. તેમની વડોદરાના મહારાજાએ વિદ્યાધિકારીનાં આસિસ્ટન્ટ તરીકેની નિમણુંક કરી છે. કેળવણી ખાતામાં શાળાના મુખ્ય તરીકે અથવા ઇન્સ્પેકટ્રેસ તરીકે સ્ત્રીઓ કામ કરે છે, પરંતુ આ જાતની નોકરી સમસ્ત કેળવણીખાતાના વડાના હાથ નીચેની મેળવવા આ પહેલાંજ સ્ત્રી ભાગ્યશાળી નિવડયાં છે, તે બદલ તેમને અભિનંદન ઘટે છે.

**છુટા છેડા ને પુનર્લગ્નની છુટ.**

જખૌ (કચ્છ) ના રતનશી દામજી (મેઘરાજ) એ પોતાની પત્નિ હીરબાઇ સાથે છુટા છેડા કર્યા છે. અને શ્રી હીરબાઇને તેમના પતિએ પુનર્લગ્ન કરવાની છુટ આપી છે.

**મહાવીર જયંતિનો દિવસ જાહેર તહેવાર તરીકે.**

બારસી (દક્ષિણ)ની મ્યુનિસિપાલિટીએ મહાવીર જયંતિ (ચૈત્ર સુદિ ૧૩) ના દિવસને જાહેર તહેવાર તરીકે પાળવા ઠરાવ કર્યો છે.

**પિતા પાછળ દાન.**

જયપુર નિવાસી શેઠ કલ્યાણમલજીએ પોતાના પિતાની પછવાડે બાર હજાર રૂપીઆનું દાન કર્યું છે.

**નવા જૈનો બનાવ્યા.**

દિગમ્બર સંપ્રદાયી બ્રહ્મચારી શ્રી નેમિચંદજીએ છેલ્લા આઠ વર્ષના સતત પ્રયાસથી કાસારના પાચસેં કુટુંબોને જૈન બનાવ્યા છે.

**ઉદાર વિદ્યાદાન.**

પાટણના સ્વર્ગસ્થ શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાના પત્નિ શ્રીમતી હીરાલક્ષ્મીએ પાટણમાં ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટ યા તો કોમર્સ કોલેજ કાઢવા રૂ. સવાલાખ જેવું ઉદાર વિદ્યાદાન ના૦ શ્રી ગાયકવાડ સરકારને સુપ્રત કરવા પોતાની ખ્વાહેશ બતાવી છે.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ધોનેસ્ટી પ્રીન્ટરી ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાયજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

આપણી શરમ.

Regd No. B. 3220

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૧૭ મો.
બુધવાર તા. ૧૫-૧-૩૬

## ઉપાસરાનાં — ભિતરમાં.

કલ્પના સુંદર કથન નથી આ, એને શબ્દે શબ્દે સત્ય છે. માત્ર મૂક રેખા નથી, એક જીવન્ત ચિત્ર છે. ઔપેક્ષિક નહિ, એક આવશ્યક વિચારણા છે.

ઉપાશ્રય મહીં સંભળાય છેઃ

**સામાયિક સ્વીકાર્યાં પછીઃ—**

"પેલી જયા—બહેલી ના જોઇ હોય તો !

મંડળોમાં ભણવા જાય ને ઉઘાડે છોગે ગરબા ગવડાવે ! કંઈ શરમ !"

"વળી સુધરેલી કંઈ ! પગમાં ચંપલને પાસે રૂમાલ ! ને માથે તો 'ગુચ્છા' પાડે ! આજ કાલની..............."

"અને આપણી સાથે તો ભળે પણ નહિ. કહેશે તો તમે ચાડી-ચુગલી ને કોઇની ઈર્ષ્યા કરો છો. આમાં આપણે શી ચાડી ચુગલી કરી ? ઉલટા 'અપાસરે' આવી સામાયિક કરીએ છીં' એને તો અપાસરેય કોઇ દિ' એવા નહિને...."

એક સંસ્કૃત ને ઉત્કૃષ્ટ બ્હેન પ્રત્યે આ ટીકા અણઘટતી હોવાનું બાજુ મૂકીએ ત્હોયે ઉપાશ્રયમાં આ પ્રકારની પ્રવૃત્તિ ઉચિત છે ?

**પ્રતિક્રમણ પ્હેલાં ને પછીઃ—**

"જોયો ને ચંપાવહુ ને એની સાસુનો ઝઘડો ! એ રાંડ સાસુ તો છે જ કરકશા !"

"અરે ! પેલી છપ્પરપગીયે કંઇ ઓછી નથી. સાસુ કહે એ તો કરે જ નહિ ને સ્હામાં લબરકા લે છે."

પ્રત્યેક દિન આવી અનેક ઓહણીઓ ને ટીકાઓ ઉકેલાય-સંકેલાય છે-ઉપાશ્રયમાં.

કુવાને કાંઠે ને નદીને કિનારે ડહોળાતા હૃદયોને આજે 'અપાશરા'નું એક આશ્રયસ્થાન વધ્યું ખરું !

**વ્યાખ્યાનની પૂર્ણાહુતિ પછીઃ—**

........વિજયજીની એકાંત ઓરડીમાં ખાનગી મસલત—

વાંચ્યું ને ? આપણી વિરૂધ્ધ આ લખાણ ? બાયલા છો ? શું જુઓ છો ?........પત્રને આપો અને હું લખી આપું એ પ્રગટ કરાવો. એ અડેલ સુધારકોનો વ્યવહાર બંધ કરો ને સંઘમાંથી બાતલ કરો. કાલે 'વખાણ' વખતે હું એમને વખોડી કહાડીશ ને તમેય એમની વિરૂધ્ધ વાતો ફેલાવો........"

સંસારાતીત પણ આથે ઉભા ઉભા સંસારમાં ઝઘડા ને પક્ષાપક્ષીના દાવાનલ જલાવે ખરા !

"ઉપાશ્રય"નો ઉચ્ચ આદર્શ આજે "અપાશરા"માંથી ઓસરતો ને અદૃશ્ય થતો લાગે છે !

"ઉપાશ્રય" એટલે ત્યાગ ને વૈરાગ્ય, સમતા ને શુચિતા, પ્રેમ ને પવિત્રતાના પાઠો શીખવતી એક આદર્શ ભૂમિકા.

એના પવિત્ર વાતાવરણમાં પ્રેરણા મળે—વિશ્વ—પ્રેમની ! ઝરણાં ઝરે જગ—કલ્યાણનાં ! ગંગા વહે વિમળતાની !

કે એ આદર્શવાદ જ હશે ?

આજે તો "અપાશરા"માં ઈર્ષ્યા ને દ્વેષ, ચાડી ચુગલી, દંભ—ઢોંગ ને પ્રપંચ નજરે પડે છે.

એના કલુષિત વાતાવરણમાં 'આત્મન્' સંસારના ગર્હીય વ્યવહારમાં સંડોવાય છે.

ઉપાશ્રયના ક્રિયાકાંડો-સામાયિક, પ્રતિક્રમણ, પોષહ ઇત્યાદિ મહીં આ અતિશય પ્રવૃત્તિઓ "આત્મા"ને કયે માર્ગે દોરશે?

"ઉપાશ્રય"—એક આદર્શ સંસ્થાની અધોગતિ ક્યહાં જતી અટકશે ?

—શ્રી બાબુલાલ બાવીશી.

# ત ❖ રુ ❖ ણ ❖ જૈ ❖ ન

—: તા. ૧૫-૧-૩૬ :—


## આપણી શરમ

પ્રો. રાવ કે પ્રો. રાહના શરિર આપણે જોઇએ છીએ. કોઇક વિદ્યાર્થીગૃહના કે કોઇક અખાડાનાં ઉત્સવો આપણે જોઇએ છીએ—અને સ્નાયુબદ્ધ શરિર જોઇ આપણે મુગ્ધ બનીએ છીએ. આપણે એની પ્રશંસા કરીએ છીએ. આપણને એના જેવા થવાનું મન થાય છે.

આજનું આપણું શરિર જુઓ. આપણાં બાળકો જુઓ. આપણી બ્હેનો જુઓ. લોહિહિન ખાડા પડી ગએલાં મ્હોં, માત્ર ચામડે મઢયાં હાડપિંજર સુકાંને પીળાં જોઇને યૌવનની કલ્પના તમારામાં હશે તો તમને ફમકમાં આવશે. સંસ્કૃત સાહિત્યમાંની યુવાનની વ્યાખ્યા, એનાં દેહનાં વર્ણન, એનામાંની ગુલગુલાબી તમને સંસ્કૃત સાહિત્યની સાથે જ ગઇ કાલની વાત લાગશે અગર તો કોઇ ચિત્રકારના ચિત્રોમાં જ સમાઇ ગઇ લાગશે.

અને આ પ્રકારનાં માનવોમાં તનમનાટ નહિ હોય, ચેતન નહિ હોય, પ્રાણ નહિ હોય, કાર્ય કરવાની તત્પરતા નહિ હોય, સાહસિક વૃત્તિ નહિ હોય, વયે જુવાન છતાં વર્ષો થયાં જુવાની ગુમાવી બેઠાં હોય એવું જીવન એ જીવી રહ્યાં હશે.

ચાળીસ વર્ષનો આદમી તો આપણે ત્હાં વૃદ્ધ મનાવા લાગે છે પરણવાને છેક જ નાલાયક એવું એનું શરિર જર્જરીત અને થાકેલું હૃદય શક્તિહિન હોય છે. આપણી જીંદગાની તો ખૂબ ટૂંકી થઇ રહી છે. પચ્ચાસ વર્ષનો પુરૂષ મૃત્યુને સમીપ માનીને યમદૂતોના આગમનની પ્રતિક્ષા કરતો નિવૃત થઇ બેસી જાય છે. આ સ્થીતિ પલટાવવીજ જોઇએ.

આજની વ્યાખ્યા કરતાં અમારી વ્યાખ્યા જુદી છે. વીસેક વર્ષનાને અમે બાળક માનીએ છીએ, પચ્ચાસ લગીનાને અમે જુવાન કહીએ છીએ અને સીત્તેરને વૃદ્ધ ગણીએ છીએ. યુરપમાં આજે એમ મનાય છે—હિંદમાં કાલે એમ મનાશે—મનાવું જોઇએ.

સાઠ લગભગના વર્ષો વાળા બર્નાડ શૉ, લોઇડ જ્યોર્જ,ને આઇન્સ્ટીન યુવાનની ત્વરા ને તત્પરતાથી કામ કરે છે. એજ લગભગ ઉમ્મરનાં મહાત્માજી ને સરોજીની નૈડુ, સર પ્રભાશંકર પટ્ટણી ને આચાર્ય રે, અથાક ને અવિરત કામ કરે છે.

આપણી માનસિક અને આર્થિક નિર્બળતાને સારૂ શારીરિક દુર્બળતા જવાબદાર છે. શરિરમાં માંસ ન હોય, લોહિ ન હોય, તો સાહસિકતા જન્મતી નથી. જન્મે છે તો અવિરત શ્રમ લેવાની અશક્તિને કારણે સફળ નથી થઇ શકતી. સહેવાની તાકાત વિના સાહસ સફળ થતાં નથી.

સાહસિકતા ન હોય, તંદુરસ્તીને તનમનાટ ન હોય તો ઠંડા પડેલા લોહિથી જીવનમાં આગળ નહિ વધી શકાય. અને કુચ ન કરીએ તો આપણે હતાં ત્હાંના ત્હાંજ પડી રહીએ છીએ. વર્ષો સુધી એકની એક ઘરેડમાં ઉલ્લાસ વિનાના આપણે “ગાડું હાંકયે” રાખીએ છીએ. નિર્બળના તત્વજ્ઞાનની જેમ અશક્તિમાન એવા આપણે વૈરાગી બની સંતોષી હોવાનો દેખાવ કરીએ છીએ. આગળ વધવાની તાકાત નથી, સ્થીતિ પલટો કરવાનો પરિશ્રમ આપણે લેવો નથી એટલે “પ્રભુ જે સ્થિતિમાં રાખે એમાં આનંદ માનવાની વૃત્તિ” આપણે આગળ ધરીએ છીએ. અને જીવન ગમે તેમ અને ગમે તે રીતે જલ્દી જલ્દી ખત્મ થઇ જાય એમ ઇચ્છતા, પરલોકના સુખ પર આશા દ્રષ્ટિ ઠેરવી, આ જીવન આપણે વેડફી નાખીએ છીએ.

એમાં આલોકને આપણે વિસરવા માગીએ છીએ. આપણે પેટે પાટા બાંધી ચલાવીએ છીએ. “મહામુલો આ માનવ દેહ” આપણે દરિદ્રતામાં ડુબાવી દઇએ છીએ. પિતા તરીકેની ફરજો આપણે ભૂલીએ છીએ. પતિ તરીકે આવેલી પ્રિયતમાને દુઃખી કરીએ છીએ. માનવ તરીકેની માનવ સમૂહ તરફની ફરજ પણ આપણે અદા નથી કરી શકતા.

આપણા શરિરમાં તાકાત હોય તો આ બધું રહેજે થઇ શકે. તંદુરસ્ત શરિરમાં તંદુરસ્ત લોહિ દોડે, અને તંદુરસ્ત વિચાર ફરે. શરિરમાં જોમ હોય તો મહત્વાકાંક્ષાઓ જન્મે ને પાર ઉતારી શકાય. સાહસ થઇ શકે તો જીવનમાં ઉલ્લાસ આવે ને નવનવાં સાહસોથી એકજ ઘરેડથી કંટાળવાનું રહે નહિ.

પણ એ બધું કરવા માટે શારીરિક શક્તિઓની ખિલવણી આવશ્યક છે. તંદુરસ્ત જીવન માટે વ્યાયામની જરૂરીઆત હવે સમજાવવાની રહી નથી. પ્રો. માણેકરાવ—પુરાણી બંધુઓ અને હમણાં હમણાં ઇંદુલાલ યાજ્ઞિક વ્યાયામની તમન્ના ગુજરાતમાં પ્રસરાવી રહ્યા છે.

ઇટલીનો પ્રજાજન ગઇ કાલે દુર્બળ મનાતો. નીતિએ શીથીલ મનાતો, બુધ્ધિએ દરિદ્ર ગણાતો. દુર્બળ માનવીઓ સ્વભાવથી ડરપોક હોય છે એમ એ ડરપોક હતો. રાજકારણી કે ધાર્મિક લડાઇઓ સ્હામી છાતીએ નહોતો લડી શકતો. જગતના રાજકારણમાં એનું કોઇ સ્થાન નહોતું. એ વેર બેસતો; શારીરિક દુર્બળતા છુપાવવા એ શરાબ પીતો. બુધ્ધિની દારિદ્રતા છુપાવવા એ ધાર્મિક તકરારો કરતો.

એવા ઇટલીમાં સોળ વર્ષ પ્હેલાં મુસોલીની સત્તા પર આવ્યો. એણે વ્યાયામના અનન્ય પ્રચાર ઉપરાંત પ્રત્યેક કોલેજમાં, પ્રત્યેક શાળામાં, વ્યાયામને ફરજીઆત વિષય તરીકે દાખલ કર્યો. એણે વ્યાયામની એક વિદ્યાપીઠ સ્થાપી. રાજ્યની નોકરીના નવા ઉમેદવારોને કોઇ પણ નોકરીએ દાખલ થવા પ્હેલાં વ્યાયામ વિદ્યાપીઠની પૂરેપૂરી તાલિમનાં પ્રમાણપત્ર રજુ કરવાની ફરજ પાડી......અને ઇટલી બદલાઇ ગયું. આળસને એણે ખંખેરી નાખી, ઔદ્યોગીક પરાધિનતા એણે ભૂંસી નાખી; ગઇ કાલ જેની કોઇ ગણના નહોતું કરતું તે ઇટલી આજે અમેરિકા, ઇગ્લંડ, જાપાન, ફ્રાંસ જેવા મહારાજ્યોનું સમોવડીયું ગણાય છે.

( અનુસંધાન જુઓ......પૃષ્ઠ ૬ ઠું )

# બેવકુફ કાં બનો છો ?

ભારતીય હિંદુ મહાસભાના સ્વાગતાધ્યક્ષ શ્રી કેલકર, પોતાના વ્યાખ્યાનમાં, એક સ્થળે કહે છે:

"જુના કાળના કોઈ સમર્થ શાસ્ત્રકારને જો આજે ફરી એક
" વાર બોલાવવામાં આવે અને એમને પૂછવામાં આવે કે નવા
" જમાના પ્રમાણે, દેશ-કાળને અનુરૂપ કોઇ સુધારો કરવો હોય
" તો આપ અમને સમ્મતિ આપો કે નહીં ? મને ખાત્રી છે કે
" એ શાસ્ત્રકાર જવાબમાં જરૂર એમ કહે કે તમારી પરિસ્થિતિ
" બદલાઇ ગઇ હોય તો તમને તમારી પ્રણાલિકાઓમાં ફેરફાર
" કરવાનો દરેક હક્ક છે. અમારા નામે તમને કોઈ બેવકુફ બનાવે
" તો પણ તમારે શા સારૂ બેવકુફ બનવું જોઇએ? અમે અમારા
" જમાનામાં અમને જેમ ઠીક લાગ્યું તેમ કર્યું, અમે કંઇ તમારા
" હાથ પગ બાંધી લીધા નથી. તમને અનુકુળ હોય તેવા ફેરફાર
" તમે પણ કરી શકો છો. હાથે કરીને બેવકુફ કાં બનો છો ?
" તમે કંઇ કાયમની ગુલામગીરી અમને લખી આપી નથી. તમે
" અમારા સંતાનો છો, તમને એવી ગુલામીમાં-અશ્રધ્ધાના કાદ-
" વમાં રગદોળાયલા જોઇ અમને પણ દુઃખ થાય છે. અમે તમને
" જે સંપત્તિ સોંપી છે તે તમારા કલ્યાણને માટે છે. તમને
" અપંગ, અસહાય બનાવવા માટે નથી. ફરીથી અમે કહીએ
" છીએ કે ખુશીથી તમે તમારી વિવેક બુધ્ધિનો ઉપયોગ કરો;
" જાણી જોઇને બેવકુફ ન બનો."

જે શાસ્ત્રોએ આપણને વિશ્વમૈત્રી, અહિંસા, સંયમ જેવાં અમૂલ્ય સત્યો સોંપ્યા છે અને જે શાસ્ત્રકારોએ પોતપોતાના યુગધર્મને અનુસરી ધર્મપ્રચાર, ધર્મ વિસ્તાર તથા સંરક્ષણના વિવિધ માર્ગ પ્રરૂપ્યા છે તેમને માટે આપણે અહીં કંઇજ કહેવાનું નથી. માનવજાતિના એ હિતચિંતકો સર્વદા શિરોધાર્ય અને શ્રધ્ધાસ્પદ જ રહેવાના.

મૂળ મુદ્દો પરિવર્તન અથવા પુનર્વિધાનનો છે. જે શાશ્વત સત્યો છે તેને અબાધિત રાખી, ધાર્મિક તેમજ સામાજિક દૃષ્ટિએ અધિકાંશ જનસમુદાયનું વધુમાં વધુ હિત કેમ થાય; તે વધુને વધુ સબળ સક્ષમ કેમ બને એ જ જોવાનું રહે છે.

એક વર્ગ ઉપદેશે છેઃ આપણા વિધિ કે રૂઢિઓમાં પરિવર્તન કે પુનર્વિધાનને મુદ્દલ સ્થાન નથી. આજથી એક હજાર વર્ષ ઉપર જે કોઇ પરંપરા અસ્તિત્વમાં આવી હોય તેને વળગી રહેવું એ જ સાચી શ્રધ્ધા તથા સાચી વફાદારી છે. પુનર્વિધાનની વાત એ નાસ્તિકોને માટે છે.

સુધારક સમાજ એ કુપમંડુકતા નથી સ્વીકારતો. સંયોગો બદલાય-પરિસ્થિતિ બદલાય એટલે સમાજે જો જીવવું જ હોય તો યોગ્ય ફેરફાર કરવો જોઇએ.

આ પ્રકારના વાદાનુવાદમાં જો કોઇ પ્રાચીન શાસ્ત્રકારને મધ્યસ્થ તરીકે બોલાવી શકાતા હોય, એમના મુખેથી નિર્ણય સંભળાવી શકતા હોય તો તેઓ કેવો ચુકાદો આપે એ શ્રીયુત્ કેલકરના ઉપરોક્ત અવતરણ ઉપરથી સ્પષ્ટ થઇ શકે છે.

દાખલા તરીકે આપણે કલિકાળ સર્વજ્ઞ-સમર્થ આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યને જ વિવેકપૂર્વક બોલાવીને પૂછીએ: "ભગવન્ ! આપનો સમય અમારા સમય કરતાં ઘણો જૂદો હતો. આપ રાજસભામાં પહોંચી જઇ, રાજ્યના ભંડારમાંથી અનેક જિનમંદિરો નિર્માવી શકતા. જિનમંદિરો, સાધર્મિવાત્સલ્યો અને રથયાત્રા આદિની પાછળ ખુલ્લા દીલથી દ્રવ્યનો સદ્વ્યય કરવાનું ઉપદેશી શકતા. આજે આપ વિદ્યમાન હો તો આપ શું કહો ? આજે આપ વિદ્યમાન હો અને આપની નજરે જૈનોની કંગાલીયત, અજ્ઞાન, વ્હેમવશતા પડે તો આપ અમને કેવા પ્રકારનો ઉપદેશ આપો ?

જૈન સંઘના પ્રભાવવિસ્તાર અર્થે અહોનિશ ઝુઝનાર આ પુરૂષ ટુંકામાં એમ જ કહે કેઃ પાંચ-પચીસ નવાં મંદિરો ન થતાં હોય તો તેની ચિંતા ન કરશો. સાધર્મિવાત્સલ્યોની પાછળ પાંચ-દસ હજાર રૂપીયા ઓછા ખરચાય તો પણ દિલગીર ન થશો. જૈન સંઘના આશરા નીચે વસતો એકે એક યુવક અને યુવતી શિક્ષણ-સંસ્કાર ન પામે, પોતાના પગ ઉપર ઉભો રહેતો ન થાય ત્યાં સુધી જૈન સમાજે તમામ પ્રકારના ખોટા ખર્ચો બંધ કરી, સમાજને સબળ, ઉલ્લાસવંતો બનાવવો જોઇએ. શરીરમાં એક ઠેકાણે આઘાત થતાં જ, સમસ્ત લોહીનું ખેંચાણ એ આઘાત તરફ થાય છે. તેમ સામાજિક અપૂર્ણતાઓ પૂરવા જૈન સંઘે પહેલી તકે પુનર્વિધાન કરી લેવું જોઇએ. દેશ-કાળ બદલાયા પછી પણ જેઓ શાસ્ત્રને નામે, શાસ્ત્રકારને નામે, લોકોને સંગઠન કરતા રોકે છે તેઓ હિતશત્રુની ગરજ સારે છે. ભલે, એ લોકો તમને પોતાના સ્વાર્થ કે સંકુચિત બુદ્ધિની ખાતર બેવકુફ બનાવે, પણ તમે છતી બુધ્ધિએ-છતી શક્તિએ શા સારૂ બેવકુફ બનો છો ?"

ઉપાધ્યાયશ્રી યશોવિજયજી કે યોગી આનંદઘન જેવા પુરૂષોના સીધા સંદેશ મેળવી શકાતા હોય તો તેઓ પણ ઉકળતા-ધખધખતા દીલે આપણને ઉપાલંભ આપ્યા વિના ન રહે.

"પદવી અને પ્રતિષ્ઠાને નામે આટઆટલી શિથિલતાઓ ઉઘાડી આંખે જુઓ છો, છતાં કાં બેવકુફ બનીને બેસી રહ્યા છો ? અમારા વખતમાં જો કોઇ આવી આપખુદી કે સ્વચ્છંદતા હોય તો અમે સમસ્ત શ્રીસંઘને થરથરાવી દઇએ, જોતાં નથી, તમારી અંધશ્રધ્ધાએ કેટકેટલા પદવીધરો પ્રકટાવ્યા છે ? ગુરૂમંદિરોને નામે કેટલા પાખંડ પ્રવર્તી રહ્યા છે ? આટલું છતાં રોજ-રોજ વધુને વધુ બેવકુફ કાં બનો છો ? તમારામાં સંગઠનની તાકાત હોય તો એ બધા અતિશયતાઓને દફનાવી દઇ, એની ઉપર નિર્દોષ અને સંયુક્ત જૈનશાસનનો ધ્વજ કાં નથી ફરકાવતા ?"

સામાજિક પરિવર્તન વિષે પૂછવામાં આવે તો તેઓ તરત જ કહી દે કેઃ "એ વિષય તમારા પોતાના અધિકારનો છે. સાધુઓને એમાં માથું મારવા જેવું કંઇ જ નથી. ભોજન કે લગ્ન જેવી બાબતોમાં તમે ખુશીથી સ્વયંનિર્ણય કરી શકો છો ?"

# "નાસ્તિકો"ની પરંપરા

લેખકઃ—શ્રી નાનાલાલ દોશી.

**જુનું અને નવું.**

જેને વર્તમાન માન્યતામાં આસ્થા નથી તે નાસ્તિક કહેવાય છે. નાસ્તિકતાનું મૂળ અશ્રધ્ધા છે. પરંતુ નાસ્તિકતામાં પણ અમુક પ્રકારની સ્વતંત્ર વિચારણા ગર્ભિત થએલી છે. ફકત ધાર્મિક વિષયમાં જ તેનો ઉપયોગ ન કરતાં, સામાજીક કે વિવિધ ક્ષેત્રોમાં તે નાસ્તિકતાનો અર્થ અપનાવીએ ત્યારે તેને વર્તમાન પરિસ્થીતિની સામેનો બળવો કે ક્રાંતિની ભાવના તરીકે ઓળખાવીએ છીએ. આ નાસ્તિકતા સૃજન જુની છે. જગતના આદિ કાળની સાથે તે આવેલી છે. જુનું ઉખેડી સમયને અનુરૂપ નવું સ્થાપવાની ભાવના સમાજના પ્રસવકાળ સાથે જ ઉદ્ભવી છે. આવી ક્રાંતિકારી ભાવનાના મશાલધારીઓને આપણે પેગંબરો, મહાત્માઓ અને યુગપ્રધાનો તરીકે પીછાન્યા છે. મહાવીર કે બુધ્ધ મહમ્મદ કે પ્રભુ એ સૌ ક્રાંતિકારો હતા. ચાલુ સમાજ રચના, ચાલુ ધર્મભાવના કે ચાલુ પરિસ્થીતિના સડા સામે, ગેરવ્યવસ્થા સામે અને અવ્યવસ્થા સામે તેઓએ બળવો કર્યો હતો; તેથી જ તેઓ તારણહાર કહેવાયા; નવયુગ પ્રવર્તક્નું બીરૂદ પામ્યા. ખોટી રૂઢિચુસ્તતા, નવું ગ્રહણ કરવાની શિથિલતા અને મંદવિચારશુધ્ધિ આ સર્વ ગુનેગાર (Conservatism)ના ચિન્હો છે. જે રાષ્ટ્ર યા પ્રજા આને વળગી રહ્યાં તેઓએ હંમેશ સ્વમેવ વિનાશ વહોર્યો છે. જગતમાં છેવટ તો કહેવાતા નાસ્તિકોનો વિજય ધ્વજ ફરકયો છે; અને આ નાસ્તિક પણાની ભાવના શાશ્વત છે.

**ધર્મનું વિકૃત સ્વરૂપ.**

રાજકિય કે સામાજીક પરિવર્તન સાથે ધાર્મિક વિચારોમાં પણ પરિવર્તન થએલ છે. વ્યકિતની શારીરિક અને માનસિક શાંતિ, પવિત્રતા અને સામુદાયિક સુવ્યવસ્થાના નિયમોનાં સંગઠિતપણાને અમલમાં કરી જ્યારે તેનાં નામે દંભ સેવાવા માંડયો ત્યારે તેને ઉથલાવનાર શકિતઓ પણ જન્મી છે. અને નીતિનાં નિયમોએ નવા નવા સ્વાંગ ધર્યા છે. પરંતુ જે વસ્તુ માનવજાતના મોક્ષ માટે સર્જાએલી અને સર્જાતી રહી છે તેનો ઉપયોગ ઇતિહાસ કંઇક વિકૃત સ્વરૂપમાં જ આપણી સમક્ષ ધરે છે. ધર્મના નામે પાખંડીપણું, લોહી તૃષા અને સામ્રાજ્યવાદને પોષણ ઓછું નથી મળ્યું. તરવાર અને ધર્મ સાથે જ સંચર્યા છે. પરમાર્થભાવના નીચે ચારે બાજુ મુડીવાદ અને શાહીવાદનો પ્રચાર ઓછો નથી થયો. અને આજ સુધીથી પૃથ્વીના ભાગલા પડયા ઉપરાંત રાષ્ટ્રોનાં ખંડન મંડન પણ અનેક થયાં છે. રાજકિય લાગવગ અને રાજ્યક્ષેત્રનાં વિસ્તાર માટે ભુતકાળમાં અને વર્તમાનમાં પણ મોલવી કે પાદરીઓ અને ઉપદેશકોની હેલનો અને વક્તાવૃત્તિનો ઉપયોગ થયેલ છે અને થાય છે. આપણો પછાત વર્ગ (Depressed classes)ની ચળવળનો રાજકિય હક્ક પ્રાપ્ત કરવાનો આશય પણ ધાર્મિક સંકુચિતતાને જ આભારી છે. આવી ધાર્મિક સંકુચિતતા બીજી રીતે પણ દુનીયાની પ્રગતિને આડે આવી છે. મુડીવાદથી પ્રેરાએલ સંસ્કૃતિએ ગોરા કાળાનો ભેદ, ઉચ્ચ નીચનો ભેદ, શ્રીમંત કે ગરીબના ભેદને વધારે તીવ્ર બનાવેલ છે. રશીયા (જે અત્યારે નાસ્તિક પ્રજાનો દેશ કહેવાય છે) એ આવી ભાવનાને દેશવટો આપ્યા છે. નહિં કે નીતિના ધોરણોને, તેણે દેશવટો આપ્યો છે વિતંડાવાદને, મુડીવાદથી ઉત્તેજિત થતા ધાર્મિક પાખંડોને નહિ કે સાચી માનવતાને. અને આજે રશીયાની પ્રવૃત્તિ આપણને વિશેષ પ્રિય છે; કારણ કે જે દેશોએ ઇશુનો ક્રોસ ફેરવ્યો છે એ દેશો આજે જનસમાજના પછાતવર્ગને સંસ્કાર આપવાને બ્હાને ભક્ષી રહ્યા છે, તેમનાં ઘરબારનો નાશ કરી રહ્યા છે, તેમની સ્વતંત્રતાને છીનવી રહ્યા છે. આજે ઇટાલી તે કરે છે બીજાઓએ તે ગઈ કાલે કર્યું છે.

**આપણી પરિસ્થીતિ**

ધર્મ સંબંધીની આ તો સામાન્ય વાત થઇ. જૈનધર્મના અનુયાયીઓમાં અત્યારે શી સ્થીતિ છે તે તપાસવું અત્રે વધારે અગત્યનું છે. કારણ કે આપણે અન્યની તુલનાથી જ આપણી અંદરનો સડો દૂર કરી શકીએ. જૈન ધર્મના શાણા અગ્રગણ્યોએ સમસ્ત સંઘની જવાબદારી "સંઘ"ને શીરે મુકી હતી. સંઘ એ બહુ જ લોકશાહીની (Democracy) ભાવનાથી ભરપુર શબ્દ છે. તેમાં સમાનતાનો ભાવ છે. તેટલું જ નહિ પરંતુ સંઘના વિવિધ અંગો વચ્ચે સંગઠ્ઠન રહે અને તેનો જ અવાજ સર્વમાન્ય લેખાય તેવો આદેશ છે. અને તેથીજ "સંઘ" ને તીર્થરૂપ ઉપમા આપવામાં આવેલી છે. આવા ઉચ્ચ આદર્શમાંથી આપણે કેટલા દૂર છીએ ? આજે તો સાધુ સાધ્વી કે શ્રાવક શ્રાવિકા આ ચારે મુખ્ય અંગો વચ્ચે બીન જવાબદાર વર્તન સિવાય કશું માલમ પડતું નથી. સાધુઓને આજે જુદા જુદા વાડાઓ સ્થાપી નામ અમર કરવું છે અને તેની પાછળ ખરી યા ખોટી શ્રદ્ધાવાળા શ્રાવકો પણ જિન–મત અને જિન–વર્તનની નીતિને અનુસરી રહ્યા છે. જૈનસમાજના ઇતિહાસનું શોચનીય પ્રકરણ આજે લખાઇ રહ્યું છે. રાગદ્વેષના ત્યાગની બડાશો મારનાર આજે ઠેર ઠેર કુસંપ, કલેશ અને વિતંડાવાદના બીજ વાવી રહ્યાં છે. પરંતુ એક આશા ચિન્હ છે. આ સર્વ વર્તુલવાદની જંજીરોથી મુકત એવા વિચાર ધરાવનાર એક પક્ષ છે—તેમાં ફકત યુવાનો જ નથી પરંતુ ઘણા સુધારકવિચારનાં વૃધ્ધો પણ છે. આજે તેઓ ફકત "મારૂં જ સાચું અને બીજાનું મિથ્યા" એ સંકુચિત મનોવૃત્તિને છોડી વિશ્વબંધુત્વની વિશાળ નજરથી જુએ છે. તેઓ સમાજની દીવાદાંડી છે, પ્રત્યેક ધર્મમાં આ વર્ગ ઉભો થઇ રહ્યો છે અને એ ઘડી હવે દૂર નથી. જ્યારે આ યુવકવર્ગ ખરૂં નેતૃત્વ મેળવી અંધશ્રદ્ધા અને સ્વાર્થના ગાઢ અંધકારમાંથી સાચા "નાસ્તિક" ને છાજે તેવી રીતે સમાજના નાવને સાચે રસ્તે દોરશે.

---

શાસ્ત્રો તો મુડી છે. એ મુડી વાપરવાનો અને બની શકે તો વધારો કરવાનો પ્રત્યેક શાસ્ત્રપ્રેમીને સંપૂર્ણ હક્ક છે. શાસ્ત્રો એ રીતે જ સર્વાંગીન બને છે. ઇ. સ. પૂર્વેના આચાર, નિયમ વિધિ, પ્રણાલિકાઓ ઇ.સ. પછીના સૈકામાં બદલાતા આપણે જોઇએ છીએ. પલટાએલા દેશ–કાળ, પ્રાચીનતા ઉપર નવી મ્હોર છાપે છે. એ પછી પણ જેમ જેમ પરિસ્થિતિ બદલાતી જાય છે તેમ તેમ નવી સંઘટનાઓ ઉમેરાય છે. એ બધું સહેજે–સરળભાવે–સૂતાં સૂતાં બને છે એમ કંઇ જ નથી. ત્યાં પણ પુરૂષાર્થ, સિંહગર્જના સંભળાય છે.

ભુતકાળમાં જો એ પરિવર્તન શક્ય હોય તો વીસમીસદીના જૈનોએ જ શા સારૂ ઉપદેશકોના મ્હો સામે જોઇને ઉભું રહેવું ? શા સારૂ આપણે એમના સ્વાર્થજન્ય આક્રોશની પરવા કરવી જોઇએ ?

આપણા યુગને અનુકૂળ થાય એવા ફેરફાર કરવાનો, દુઃખદ અને અર્થશૂન્ય વિધિ નિષેધોને ઉંચે અભરાઈ ઉપર ચડાવી મૂકવાનો આપણને દરેક અધિકાર છે. પૂર્વોપાર્જિત મુડીમાં એ રીતે જ આપણે વધારો કરી શકીશું. સમર્થ પિતાના સંસ્કારી સંતાન તરિકેની પ્રતિષ્ઠા પણ એ જ ક્રમે સ્થાપી શકીશું.

# મ. દ્રા. સ. માં.

: લેખક :
શ્રી તારાચંદ કોઠારી.

આપણા હાસ્ય લેખક શ્રી મસ્ત ફકિર જ્યારે મદ્રાસી ઉચ્ચારણનું અનુકરણ કરે છે ત્યારે ખડખડાટ હાસ્ય ધ્વનિથી ગાજતા સભાસ્થાનો મ્હેં જોયાં છે, અનુકરણથી ઉત્પન્ન થતું હાસ્ય મૂળ જોઈને મ્હારામાં ઉદ્દભવ્યું નહિ. પંદર દિવસના મ્હારા મદ્રાસના વસવાટમાં " હોકા ગડગડના ઉચ્ચાર " એ મ્હારે માટે સામાન્ય થઈ પડયા.

નાતાલની રજાઓમાં M.S.Ry.બહુજ સસ્તી Return tickets કહાડે છે તેથી અને કોન્ગ્રેસ તરફથી એક અને બીજું પાર્ક ફેર. એમ બે પ્રદર્શનોથી આકર્ષાઈને દૂરદૂરથી ગામડીઆઓ મદ્રાસમાં ઉભરાઈ રહ્યા હતા. અહિંના લોકોને જોઇ મ્હને બે ધંધાદારી ટીપ્પણ સુઝ્યાં. એક તો આ લોકોને ધોતીયાં પ્હેરતાં શિખવવાની કોઇ દુકાન ખોલે તો સરસ જામી જાય. અને બીજું મુંબઇ બાજુના હોંશીઆર વાળ કાપનારાઓએ આકર્ષક વાળ કાપવાની દુકાનો ખોલી આ મદ્રાસી પુરૂષોના અર્ધા લાંબા ચોટલા કાપવાને માટે સસ્તા દરે યોજના કરવી જોઇએ. મ્હારૂં આ લખાણ કોઇ આ ધંધાઓના મુંઝાયલા માનવીને ઉપયોગી નિવડે તો બસ. બાકી ચોટલા કાપવા જતાં મદ્રાસી ચંપલ એનાં શરિરપરની ધુળ ઝાપટી નાખે તો એ મ્હને દોષ ન દે એમ મ્હારી ઇચ્છા છે.

×　　　　　　×　　　　　　+

શ્રી વિજય રાઘવાચારીનો સુવર્ણ મહોત્સવ જોવાનો એક મહત્વનો પ્રસંગ મ્હને હાથ લાગ્યો. રાજકીય દુશ્મનાવટ અને એકને પરાસ્ત કરવામાંજ બીજાને ફાયદો છે એવા વિરોધી નેતાઓને એકજ પ્લેટફોર્મ પર મ્હેં જોયા. રાજકારણથી રીસાઇ ગયેલા શ્રીનિવાસ આયંગરને પણ મનાઇને આવેલા મ્હેં જોયા. તાળીઓના અસાધારણ ગડગડાટે મદ્રાસની પ્રજાએ ચાર વર્ષના વચગાળા પછી એમને જહે આવકાર આપ્યો તે એની મહત્તા સિદ્ધ કરવા માટે પૂરતાં હતાં. મદ્રાસી ગાંધી–રાજગોપાળચારી જહે કાબુ મદ્રાસની પ્રજાપર ધરાવે છે એ પણ મ્હને જોવા મળ્યું. નાગપુર કોન્ગ્રેસના પ્રમુખ વિજયરાઘવાચારીને અપાયલી અંજલી અપૂર્વ હતી. અને સૌથી આશ્ચર્ય તો એ હતું કે સાવ વૃદ્ધાવસ્થા છતાં એ માનવીને નવા સંદેશ આપવાના બાકી રહ્યા હતા. એટલા એ આજના પ્રસંગોથી વધુ અને વિચારક જણાયા.

✿　　　　　　✿

અહિં એક ગુજરાતી મંડળ છે. થોડાક માણસો એમાં રસ લઈને પ્રાણ રેડે છે. પરંતુ બીજાની બેફિકરાઇ જણાઇ આવ્યા વિના રહેતી નથી. ગુજરાતી જ્હાં હોય ત્યાં ગુજરાતના સંસ્કાર ફેલાવતી સંસ્થાઓને અપનાવવાની પોતાની ફરજ ન સમજે ?......અને રસ લેનારાઓનાં અભાવે ગુજરાતી સંસ્થાઓ રસહીની જાની સુકકું જીવન ઘસડે એ એ ગામમાં વસતા પ્રત્યેક ગુજરાતીની શરમ મનાવી જોઇએ.

✿　　　　　✿　　　　　✿

મદ્રાસથી છમાઇલ દૂર અડયાર ગામમાં થીઓસોફીનું મુખ્ય ધામ છે. જૈનનું પાલિતાણા, મુસ્લીમનું મક્કા, હિંદુનું કાશી, તેમ થીઓસોફીસ્ટને મન અડયાર છે. ત્હાં થીઓસોફીનો હિરક મહોત્સવ હતો. દૂરદૂરથી લોકો આવેલાં અમદાવાદ, ભાવનગર, મુંબઇની પણ સારી સંખ્યા હતી.

મ્હને ત્હાંનું વાતાવરણ, હવા, દરિયો, ઝાડી અને વિશાળ વડનું ઝાડ, ગમ્યાં. નહિ ગમ્યાં માત્ર બે પ્રવચનો એક એમના ઉપપ્રમુખ શ્રી દત્તનું અને બીજું પ્રમુખ મી. એરૂંડેલનું. સમયના અભાવે એ બન્નેમાંજ હું હાજરી આપી શકયો. અને એ બન્ને મ્હને નહિં ગમ્યાં. આપણા જૂના ધર્માચાર્યો પાસે એમના ધર્મ જહેટલીજ ભાષા પણ પુરાણી છે. કળા, ને કલ્પના જહે આજે ભાષાના આવશ્યક અંગો મનાય છે તે આજની ભાષા આ લોકોએ સરસ રીતે વણી છે. બાકી ધર્માંધતામાં, ધર્મ ગર્વમાં, ધર્મ ઘેલછામાં, વ્હેમોમાં અને બાહ્યરીત ચીલા પાડવામાં કોઇ સદીઓ જૂના શંકરાચાર્યો અને મુલ્લાં મૌલવીઓ કરતાં આમનામાં મ્હને બહુ ફેરક નહિ લાગ્યો. કદાચ મ્હારો અભિપ્રાય ઉતાવળો પણ હોય. પરંતુ બે દિવસની થોડીક લટાર અને મહોત્સવના અંતિમ દિને અગીઆર કલાકની યાત્રા અને મી. એરૂંડેલનું સમાપ્તિનું ભાષણ સાંભળીને મ્હેં આ મત બાંધ્યો છે. કોઇ થીઓસોફીસ્ટ મ્હારો આ મત જાણે તો એમજ કહેશે " અધિકાર વિના તમે એમાં શું સમજો ? " અને એરૂંડેલનાં પત્નિ રૂક્ષ્મણીને આ લોકો World Mother કહે છે એમ જાણ્યું અને રૂક્ષ્મણીને સદેહે જોયાં ત્યારે તો મ્હારા આશ્ચર્યનો પાર રહયો નહિ. છે, રૂપાળાં છે. દેખાવ સારો કહી શકાય, સારૂં ગાઇ નાચી શકતાં હશે અને થોડુંક વાંચ્યું વિચાર્યું હશે. પરંતુ World Mother આમ સસ્તી થઈ જાય તો આવડી મોટી દુનિયામાંથી કૈં નહિ તો એકાદ કરોડ સ્ત્રીઓ World Mothers બની જાય...માત્ર આટલુંજ નહિ, રૂક્ષ્મણીને હિંદી આદર્શોના સમુચ્ચય તરીકે ઉદ્દેશીને લખાયલું એક કાવ્ય વાંચ્યું ત્યાર તો હું ખૂબ હસ્યો. " આપણા પ્રામજનો કોઇ મામૂલી માનવીને દેવતરાશો અને કોઇકવાર ભગવાન માની બેસે છે એ શ્રદ્ધામાં અને આ શ્રદ્ધામાં કંઈ તફાવત ખરો ?" એક થીઓસોફીસ્ટ પારસી બાનુને મ્હેં પૂછયું. એ મ્હારાં જુનાં ઓળખીતાં હતાં. એનો જવાબ દેવાને બદલે એણે કહ્યું "ત્યારે આવા વિદ્વાનો આમ માનતા હશે તે મૂર્ખો હશે ?" મ્હેં તો એને કહી દીધું, "ઉપાસની મહારાજ નામના ફકિરના એક બાવાને પૂજનારા બેરીસ્ટરસ પ્રોફેસરસ હતા, એક વિદ્વાને તો એની પુત્રી અને બીજા વિદ્વાને એની પત્નિ એને અર્પણ કરી હતી. આવા પત્નિસેવક લગભગ

ઓઓ સોળથી વીસ વર્ષની વયની એને આવાજ બુદ્ધિવંતા માણસોએ અર્પી હતી. એ પણ એનો ધર્મ ચલાવતો. એની છબા-નમાં જાદુ હતું. આ છોકરીઓ પાસે એ નગ્ન થઇને ન્હાતો–ખીલા ખેલતો. ઘણુ વર્ષે આ બધી વાત કોઇ હિમ્મતવાન માણસે જાહેર આણી ને એનો પરપોટો ફુટી ગયો. બુધ્ધિવંતા, ભણેલા માનવીઓ મુર્ખાઇ ન જ કરે એના જવાબરૂપે હું દાખલો રજુ કરું છું." અને એ મિસ્યુએટ બ્હેન કશું બોલ્યા વિના 'સાહેબજી' કરી રવાનાં થયાં.

આપણા His holiness બની બેઠેલા શાંતિવિજયજીને નામે નોંધાતા ચમત્કારોમાં પણ બુધ્ધિવંતના માણસોની ભારોભાર મુર્ખાઇ રહેલી છે……પણ એ વાત વળી કોઇ બીજે પ્રસંગે.

❖ ❖ ❖

માછલીઓનું એક સરસ સંગ્રહસ્થાન અહિં છે, વૈવિધ્ય આકા-રવાળી સોહામણી માછલીઓ જહેને વર્ણવા ગુજરાતી ભાષામાં રંગોના નવા શબ્દો રચવા પડે–એવા રંગો ઘડીક તો કલ્પનાને કેદ કરી દેતા મ્હને લાગ્યા. મ્હારી સાથેના બન્ને ભાઇઓએ ખૂબવાર આ સંગ્રહસ્થાન જોએલું એટલે ઝડપથી મ્હારે જોવું પડ્યું. એક મુરબ્બી આગળ મ્હેં આની પ્રશંસા કરી. એમણે કહ્યું, 'અમારા એક સ્નેહિ આ જોવા આવેલા, જેઓને કહે 'સીતાએ મૃગ જોઇ એની માંગણી કરાવવાની હઠ લીધી અને રામને દોડવું પડ્યું એ મૃગ પકડવા અને અનર્થોની પરંપરા રચાઇ. સારૂં છે કે મ્હારાં પત્નિ અહીં નથી. નહિ તો આ મોહક માછલીઓને ઘેર લઇ જવાની હઠ લઇ બેસત તો મ્હારી મુંઝવણનો પાર રહેત નહિ"……આવી સરસ આ માછલીઓ હતી.

પાલણપુરને હું City of flower, પુનાને હું City of Cycle અને મદ્રાસને હું City of boards કહું છું. ન્હાનકડી દુકાનોની લંબાઇ પ્હોળાઇથીય અવિશેષ મ્હોટાં કદાચિત જાહેર ખબરનાં પાટીયાં જોઇને તો હું ત્રાસીજ ગયો.

**( આપણી શરમ**………અનુસંધાન પૃષ્ઠ ૨ થી ચાલુ )

લડાઇમાં ભાંગીને ભુક્કો થએલા જર્મનીએ વ્યાયામના સામુદાયીક પ્રચાર અને પ્રયાસથી આત્મગૌરવ પાછું મેળવ્યું છે. નવો તુર્ક પણ આમજ ઉભો થયો છે.

આ બધી આજની વાતો છે. ગઇ કાલના પ્રયાસોનાં આ જોઇ શકાય એટલા તાજા પરિણામો છે.

આગળ ક્યાં જઇએ ? આ આર્યસમાજીસ્ટ બંધુઓને જોઇએ તો પણ એનો ખ્યાલ રહેજે આવી જશે. ગુરૂકુળોદ્વારા વ્યાયામને પૂર્ણ અગત્ય આપીને નવી હિમ્મત અને નવું બળ આર્યસમાજે જન્માવ્યું છે. આજની મહાસભા પ્હેલાં આર્યસમાજ એ નવા બળોનું પ્રેરણાસ્થાન હતું.

આંખ સમક્ષ અત્યાચારો જોઇને પણ આપણામાં રોષ નથી જાગતો; પીડિતની વ્હારે ધાવાની આપણી વૃત્તિ નથી થતી; પડતાને પકડી લેવાની ભાવના પણ આપણામાં નથી કારણ કે એટલા અશક્ત, એટલા નમાલા આપણે બની ગયા છીએ.

દઢ પ્રયત્નથી, અથાક પ્રયાસથી આપણે આ શરમ હટાવવી જોઇએ. અને એ થશે તો:–

ટહાર ગર્દને, સામાજીક કે ધાર્મિક અત્યાચારીઓને ડારતો જૈન જુવાન આત્મ વિકાસ સાધતો ને અકાળે મરણ માગતા માનવોમાં પ્રાણ ફુંકતો ને સહાય કરતો 'આગે કદમ, આગે કદમ' ભર્યે જતો હશે.

# : મહાવીરના માર્ગે. :

પુરાણભૂમિ ભારતવર્ષમાંથી એ 'દિવ્યજ્યોત'ના ચમત્કારને અસ્ત થયા પછી તો આજે પચ્ચીશો વર્ષોના અંધારા પસાર થઇ ગયાં.

મહાવીર ગયા, એના તપ ગયા–ત્યાગ ગયા.

એ સુવર્ણ સમયે–મહાવીર દેહી હતા, તે સમયે–તો જગત્ ઉન્નતિના શિખરે વિરાજમાન હતું. અહિંસાનો ધ્વજ દશે દિશાઓમાં વિજયવંતો ફરફરી રહ્યો હતો. વાતાવરણ નિર્ભય હતું. પ્રાણી માત્ર સુખી હતાં

ઉદય પછી અસ્ત તો હોય જ ને !

સૂર્ય ધીમે ધીમે નીચે ઉતરતો ગયો. સંધ્યા આવી અને પછી પ્રકૃતિએ જગતપર કાળી અંધાર પીછોડી પાથરી.

જગત્ અંધકારમય બન્યું–કર્મહિન બનીને ઘોર નિદ્રામાં સુતું. મહાવીરના અનુયાયીઓમાં શિથિલતા આવી. મહાવીરનો માર્ગ તેમને કાંટાળો લાગ્યો–કપરો લાગ્યો. અને સુખના સાધનો શોધાયાં. ત્યાગ ઓસરી ગયો. જગત્ કલ્યાણની ભાવના ઝાંખી થઇ ગઇ. મહાવીરના સંદેશ ને આદેશ વિસરાયાં. પાટીપુપર વિજય મેળવવાનાં દિવ્ય શસ્ત્રો પર કાટ ચડવા લાગ્યો.

પછી તો મધ્યરાત્રી થઇ. તિમિર વધુને વધુ ઘેરૂં બન્યું. ધર્મ કર્મ ભાવીએ મુકાયાં. સત્ય અને અહિંસાનાં અર્થ અવળાં યોજાયાં. અલબત, રાત્રીના આ ભીષણ તાંડવમાં કોઇક તારલાઓ ચમકી ગયા; પણ તે તો અમુક ક્ષણો માટે જ.

પણ રાત્રીએ ક્યાં અમરત્વ લઇને આવી છે ?

પરોઢનો સમય થયો, ચંદ્રયે નહિ ને સૂર્ય પણ નહિ. આંધળી બની ગયેલી જગતની આંખને આજે તેજ જોઇતાં હતાં. સુપ્ત થઇ ગયેલાં આત્માઓને જગાડનાર–ઢંઢોળનાર કોઇ વીરની જરૂર હતી.

એમના પુણ્યે એ વીર એમને મળ્યો. તે મહાપુરૂષે લોકોને જાગૃત કર્યાં. જગતે એ વીરપુરૂષના દર્શન કર્યાં અને આનંદિત થયાં. જો કે તેનામાંથી યૌવન ઓસરી ગયું હતું, તો પણ યુવાનનેય શરમાવે તેવી તેનામાં અમર યૌવનની તેજસ્વિતા હતી–ચમત્કાર હતો.

મહાન વિભૂતિઓને પણ જગત પોતાના સ્વાભાવિક નિયમ પ્રમાણે પ્રથમ તો શંકાશીલ દ્રષ્ટિએ જુએ છે. પરંતુ જેને પોતાના જીવન–કર્તવ્યમાંજ અહોનિશ રત રહેવું હોય, તેને જગતના માન-નીય શી પરવા અને અપમાનનીય શી પરવા ? જગતે બારીક નિરીક્ષણ કર્યું તો તેને આશ્ચર્ય થયું.

કારણ……………?

વર્ષોથી વીસરાયેલા ત્યાગમાર્ગને સાફ કરતો–ભૂલા પડેલા જગ-તને એ માર્ગ દાખવતો–તે મહાપુરૂષ આગળ વધી રહ્યો હતો. અહિંસા અને સત્યની પરાકાષ્ઠાએ પહોંચેલા એ દિવ્ય પુરૂષને પ્રયાણ કરતો જોઇને જનતાની સ્મૃતિમાં કંઇક અવનવાં દસ્યો ખડાં થતાં લાગ્યાં. કંઇક યાદ આવતું જણાયું. પચ્ચીશો વર્ષો પૂર્વેના ચમ-ત્કારનો તેને કંઇક ઝાંખો ખ્યાલ આવવા લાગ્યો.

હા……"જે માર્ગે આ દિવ્ય પુરૂષ જઇ રહ્યો છે તે માર્ગ મહાવીરનો છે" એમ જગતે માન્યું. "એ માર્ગે પ્રત્યેકને પગલાં પાડવા સાદ દેતો, પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમથી પ્રેરાતો, કર્મયોગના ધોરી માર્ગે વિચરી રહેલો એ પવિત્ર પુરૂષ કોણ હશે ?"

જેણે જીવન પંથે પ્રકાશ પાથર્યો એ પ્રેમળ જ્યોતિના તેજ અમર રહો !

—"શાન્તિકુમાર"

# વરઘોડો જોયો ?

( એક કલ્પિત રમુજી પ્રસંગ )

"અરે મણીબેન ! ચાલો, ચાલો, વરઘોડો ક્યારનોય નીકળી ગયો છે."

"હા ! હા ! હું આવી"

"હાય બાપ ! સાલ્લો પહેરતાંય કેટલી વાર ? હું નીચે ઉતરું છું. તમે ઝટ પરવારી કરીને આવો."

બગલમાં છોકરું મારતી કે ધડધડ દાદરો ઉતરતી કાન્તા દોડી. કાન્તા એકલી જ નહિ પણ આબાળવૃધ્ધ સૌને વરઘોડો જોવા દોડતાં જોઈ મને પણ વરઘોડો જોવાની પ્રેરણા થઈ આવી. હું પણ બજાર તરફ ચાલ્યો.

મણીબ્હેન પૂરાં કપડાંય ન પહેરી રહે તેટલામાં તો કાન્તા ભરબજારમાં ગાંડા માણસની જેમ દોડતી, ઘડીકમાં ધીમી પડતી, રસ્તે ચાલતાં કોઈ સ્ત્રી કે પુરૂષને "વરઘોડો આવી ગયો કે ?" એમ પૂછતી, હાંફતી, માથેથી ખસી ગયેલા સાલ્લાને વારંવાર સંભાળતી, છોકરાને રડાવતી ચાલી નીકળી.

સામે રસ્તાપર લોકોનું ટોળું ઉભું હતું. ત્યાંથી વરઘોડો પસાર થતો હતો. ત્યાં તો મરદને ધક્કા મારતી, ધક્કા ખાતી, છોકરાને ધક્કો વાગ્યાથી રડતો હોવાથી, "મુઆ દેખતાય નથી ?" એમ ગાળો દેતી, સૌની મોખરે આવી ઉભી. વરઘોડો જોવાનો જાણે સૌનાં કરતાં તેનેજ વિશેષ અધિકાર હોય, એમ જોનારને લાગ્યા વિના રહે નહિ.

અહા ! શું વરઘોડો ! બાર-બાર તો બેન્ડવાળાં, અને ગાડીઓ કેટલી બધી ! અને મોટરોની તો વાત જ નહિ ! આક તો તદ્દન ફુલથી જ શણગારેલી ! વાજામાં "આવો આવો જસોદાના કંથ"નું સ્તવન, એક જાણે પેટે બાંધેલા નગારા અને કાંસી જોડાના પુર બહારમાં ગાતાં અને કુદતાં ભાવકો ! સાથે એક રથ અને તેની સાથે ચાલતાં દંડાધારી સિપાઈઓ ! અને તેની પાછળ એક મોટું ટોળું. કેટલાક નવીન જાણી ઉંચું ડોકું કરી જોઈ રહેલાં-જ્યાં દાંડીયા-રાસથી શેરી ગુંજાતી હતી.

વરઘોડો આગળ ચાલ્યો. ત્યાં તો સખત ગીરદી ! લોકોની પડાપડીને ધૂમાધૂમ ! લોકો દોડતાં દોડતાં એકઠાં થવા લાગ્યાં. પૂછતાં જણાયું કે અહીં યુવતીઓ માથે બેડલાં મુકી રાસ-ગરબા ગાય છે. રસપૂર્વક જોતા એક ગૃહસ્થ બોલી ઉઠ્યા; "આવું આવું તો કોઈ દિવસ જોયું નહોતું ! બૈરાંઓ નાચે અને તે પણ જાહેર રસ્તા પર !"

લોકોએ ગરબાને નાચનું સ્વરૂપ આપ્યું. ઘરમાંય નાચવાની જેની હિંમત નથી, તેવી શરમાળ મનની સ્ત્રીઓ જ્યારે જાહેર રસ્તાપર હજારો માનવીઓની નજરે નાચ-ગરબામાં ભાગ લે ત્યારે સૌને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક હતું. એવા ગરબાઓ જોવામાં આકર્ષણ રહેલું હોય છે. અને આ જમાનામાં તો એવા પ્રયોગમાં ભાગ લેનારને કીર્તિ પણ મળે છે.

વિકારી આંખવાળા પુરૂષોને તેમાં ગમ્મત પડે છે. ટીકી ટીકીને સ્ત્રીઓના અંગ ઉપાંગો નિરખવામાં તેમને એક જાતનો રસ પડે છે. એકાદ ટીકાકાર બબડયો "આજકાલનાં છોકરાં ધર્મને નામે નહિ કરે તેટલું ઓછું !"

એટલામાં ભગવાનનો રથ આવ્યો. રથ સોનાચાંદીથી મઢેલો હતો. તેને બે શણગારેલા બળદો જોડવામાં આવ્યા હતા. રથની અંદર પ્રતિમાજી પધરાવેલાં હતાં. આગળ સ્તવન બોલાતાં-ધૂપ દીપ જલતા હતા. કોઈના હાથમાં અક્ષત તો કોઈના હાથમાં સુંદર ફુલોની થાળી હતી. વળી કોઈ બબડયું, "ફુલો વગેરેને વરઘોડામાં ફેરવવાની શી જરૂર હશે ?"

રથના પાછળ-સૌની પાછળ અને જાણે દરેક વસ્તુઓમાં પાછળ જ રહેવાનો જાણે કે અધિકાર મળ્યો હોય તેવો સ્ત્રી સમુદાય ટોરડાની કોર્ડનમાં ચાલતો હતો. તેમના મુખમાંથી ભાંગ્યા તુટયાં ગીત નીકળતાં હતાં. ગીત બોલનાર તો હતાં, પણ ઉપાડનાર બહુ થોડાં હતાં. એ સ્થિતિ જોઈ એક જોનાર બીજાને ઉદ્દેશી બોલ્યો; "સ્ત્રીઓને લગ્ન આદિ ઘણા પ્રસંગોએ ગાવાનું હોય છે. તેમાં કળા હોય છે, તેમને માથે તે ફરજ હોય છે, છતાં પણ સુંદર ગીતો શીખવાની, બીજાઓમાં શોખ વધારવાની શા માટે તેઓ દરકાર નહિ રાખતી હોય ?"

લોકો હો હો કરતાં વિખરાયાં, વરઘોડાને પુરો જોઈ લેતાં લગભગ દોઢેક કલાક જેટલો સમય થયો હશે એટલે હું પણ ઘર તરફ વળ્યો. પાછા કાન્તા અને મણી સાથે થઈ ગયાં.

"જોયો બ્હેન ! વરઘોડો તો બહુ મોટો હતો" કાન્તા બોલી "અને પેલી ફુલથી શણગારાયેલી મોટરમાં પેલા રમણભાઈ શેઠનો દીકરો જોયો કે ? આખે શરીરે હીરા માણેકની માળાઓ અને એની નો કેટલીય જણસો પહેરાવેલી હતી !" મણીબ્હેન બોલ્યા. "બા ! એ તો પૈસાદારનાં છોકરાં ! આપણે ક્યાંથી લાવીને છોકરાંને મોટરમાં બેસાડીએ ?" કાન્તાને ઓછું આવ્યું.

શ્રીમંતના પુત્રોના દાગીના જોઈને ગરીબ વર્ગના બૈરાંઓને અદેખાઈ આવે છે અને પોતાનાં છોકરાંને તેમ નથી તેથી ઓછું આવે છે.

હું વિચારે ચઢ્યો "શું ભગવાનને આમ ફરવાનો શોખ થતો હશે ? શું આમાં સાચો ધર્મ હશે ? આવા આડંબરો કરવાથી બીજાઓમાં પોતાના ધર્મનો પ્રભાવ પડતો હશે ? આ તો ધર્મને નામે કીર્તિની લાલસા કે બીજું કંઈ ? હજારોના પાણી કર્યે ધર્મભાવના જાગૃત થતી હશે ખરી કે ? આ બે કલાકમાં તો ધર્મની ગંધ કોઈ પણ ખુણામાંથી ન આવી ! કદાચ જૈનોને પૈસા ખર્ચવાનું આ સિવાય યોગ્ય સ્થળ નહિ જડતું હોય ? કે પછી આનું નામ જ ધર્મ ?"

પ્રભુને નામે, ધર્મ ભાવનાને નામે ઉંધે રસ્તે દોરાઈ રહેલાં બાંધવોની મનોદશા વિચારતો-નિશ્વાસ નાખતો ખડકીમાં પહોંચ્યો. તો કાન્તાના ચુલા ઉપર મુકેલો ભાત ઉભરાઈ ગયો હતો અને મણીબ્હેનના ઘરની બારી ઉઘાડી રહી જવાથી બિલાડીએ બધું વેરણ છેરણ કરી નાખ્યું હતું. "હાય ! હાય ! આ તો વરઘોડો જોવાં ઘરમાં ધમાલ થઈ !" કાન્તા અને મણીને બોલતાં સાંભળી અને ઘેર પહોંચ્યો તો ત્યાં પણ એ પ્રશ્ન પુછાયો કે 'સોનીને ત્યાં જવાનું મુકી તમે પણ વરઘોડો જોયો ને ?"

શાન્તિકુમાર.

# સ ❖ મા ❖ ચા ❖ ર

## કાર્યવાહક સમિતિની મીટિંગ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની એક મીટિંગ તા. ૧૨-૧-૧૯૩૬ રવિવારના રોજ બપોરના ૩ વાગે (સ્ટા. ટા.) સંઘની ઓફીસમાં શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીના પ્રમુખપણા નીચે મળી હતી. જેમાં નીચે મુજબ કામકાજ કરવામાં આવ્યું.

1. શ્રી વલ્લભદાસ ફુલચંદ મહેતાની દરખાસ્ત અને શ્રી મનસુખલાલ હીરાલાલ લાલનના ટેકાથી રીપોર્ટ અને ઓડીટ થયેલો હિસાબ ને સરવૈયું સર્વાનુમતે પાસ કરવામાં આવ્યાં.
2. સંઘના ધારાધોરણ કલમ ૧૧ અનુસાર કાર્યવાહક સમિતિની ચુંટણી ઉમેદવારીના ધોરણે કરવાની હોવાથી **ઉમેદવારીફોર્મ તા. ૨૫-૧-૧૯૩૬** સુધી લેવાનો નિર્ણય થયો. તેમ ચુંટણી અને ઓડીટ થયેલો હિસાબ ને રીપોર્ટ મંજુર કરવા વાર્ષિક સભા તા. ૨૬-૧-૩૬ રવિવારના બોલાવવાનું નકકી થયું.

ઉપર મુજબ કામકાજ થયા બાદ સભા વિસર્જન થઈ હતી.

## બે જૈનસુધારકોની યોગ્ય કદર.

ના૦ ગાયકવાડ સરકારના હીરક મહોત્સવ પ્રસંગે, વડોદરા રાજ્યના કર્મસચીવ શ્રી મણીલાલ બાલાભાઈ નાણાવટીને 'અગ્રણી-હિત'નો ખિતાબ આપ્યો છે તેઓ શ્રી ગ્રામ્ય સુધારણાની પ્રવૃત્તિમાં તેમજ યુવકપ્રવૃત્તિમાં સારો રસ ધરાવી રહ્યા છે. તેમજ જૈન યુવક મહામંડળની પ્રવૃત્તિમાં પણ તેઓશ્રીનો પુરો સાથ છે તેમજ વિસનગરનિવાસી બાળ-અયોગ્યદીક્ષાના પ્રખર વિરોધી, મહાસુખભાઈ ચુનીલાલને 'રાજ્યરત્ન'નો ખિતાબ અર્પ્યો છે. તેઓએ ધારાસભા તથા ગ્રામ્ય પંચાયતો અને લોકલબોર્ડમાં સારી સેવાઓ કરી છે, ના૦ ગાયકવાડ સરકારે ઉકત બન્ને જૈન સુધારકોના ગુણોનું યોગ્ય સન્માન કરી કદર કરવા બદલ ના૦ ગાયકવાડ સરકારને ધન્યવાદ ઘટે છે. આ પ્રસંગે અમો તેઓશ્રીને સહર્ષ અભિનંદન આપીએ છીએ અને જૈનસમાજ તેઓશ્રીની વિશેષ સેવાઓ મેળવવા ભાગ્યશાળી થાય તેવી આશા રાખીએ છીએ.

## માંગરોળ શ્રીમાળી સમાજની સુંદર યોજના.

મુંબઈ—શ્રી માંગરોળ શ્રીમાળી જૈન સમાજ પાસે આશરે ત્રણ લાખ રૂપીઆનું ફંડ છે. સુધારકોના અત્યંત પ્રચાર પછી એ ફંડનો ઉપયોગ કોટ, હોર્નબી રોડ ઉપર સર ફીરોજશાહ મહેતા રોડ ઉપર બે લાખ રૂપીયાના ખર્ચે માંગરોળવાસીઓ માટે સસ્તા ભાડાની ચાલીઓ અને એક લાખ રૂપીઆના ખર્ચે દાદર-માટુંગા ખાતે સસ્તા ભાડાની ચાલીઓ બંધાવવાનું નકકી કર્યું છે. અને ચારથી સાડાચાર ટકા વ્યાજ ઉપજે તેવી રીતનું ભાડું રાખી માંગરોળવાસી ભાઈઓને તેનો લાભ આપવો તે પ્રમાણે નકકી કર્યું છે. આવી સુંદર યોજના માટે માંગરોળ શ્રીમાળી સમાજના કાર્યવાહકોને અમે ધન્યવાદ આપીએ છીએ. અને જૈન સમાજની બીજી જ્ઞાતિઓના આગેવાનોનું આવી વ્યવસ્થા તરફ ધ્યાન ખેંચીએ છીએ.

## પાટણ સ્કાઉટ હોમ બાંધવા ઉદાર સખાવત.

શ્રી ચીમનલાલ જે શાહે ના૦ ગાયકવાડ સરકારના હીરક મહોત્સવ પ્રસંગે પાટણમાં 'સ્કાઉટ હોમ' બાંધવા માટે રૂ. દશ હજાર આપ્યા છે. તેમાં રાજ્ય તરફથી તેટલી બીજી રકમ (રૂ. દશ હજાર) ઉમેરવામાં આવી છે. જેથી પાટણ ખાતે સ્કાઉટ હોમ બંધાવવામાં આવશે.

## હરિજન જૈન ધર્મ પાળે છે.

વિસનગરમાં ગીરધરલાલ મગનલાલ નામના એક મોચીએ વિ. સ. ૧૯૮૩માં આચાર્ય શ્રી વિજયકેશરસૂરિના ઉપદેશથી જૈન ધર્મ સ્વીકારેલ. તે ભાઈ ગીરધરલાલ અત્યારે એક ચુસ્ત જૈન છે, રોજ પ્રતિક્રમણ અને જૈનમંદિરમાં ભગવાનની પૂજા કરે છે. તમામ અભક્ષ-કંદમૂળાદિનો ત્યાગ કર્યો છે. જૈન કુળમાં ઉત્પન્ન થયેલ કરતાં વધારે પવિત્ર, અભ્યાસુ અને શાંત છે તેમનું આખું કુટુંબ જૈન છે. વિસનગરના જૈનો તેમની સાથે કોઈપણ પ્રકારના ભેદ ભાવ વિના વર્તે છે. મુનિરાજો પણ તેમને ત્યાં ગોચરી-પાણી વ્હોરવા જાય છે. તેઓ થોડા દિવસ પહેલાં કેશરીયાજીની યાત્રા કરવા ગયા હતા. તેમજ અમદાવાદમાં બે ઘર મોચીના અને પાટણમાં એક મોચી એ. મુ. જૈન ધર્મ પાળે છે. જૈનોએ હવે હરિજનો તરફ મીઠી દૃષ્ટિ કરી તેમને અપનાવવાનું કામ જોરથી શરૂ કરી દેવું જોઈએ.

## અંગ્રેજ યુવતિએ હિંદુ ધર્મ સ્વીકાર્યો.

લાહોર તા. ૮ મી એ હિંદુઓ અને આર્યસમાજીસ્ટોના એક મેળાવડા સમક્ષ મિસ. મેરી ઓલ્ડફીલ્ડ નામની એક અંગ્રેજ નામાંકિત કળાકાર યુવતીએ હિંદુધર્મ અંગીકાર કર્યો છે. મિસ ઓલ્ડફીલ્ડે ત્રણ દિવસ ઉપવાસ કર્યા બાદ વેદી સમક્ષ ધર્મગુરૂઓએ તેને શુધ્ધિનો વિધિ કરાવ્યો હતો. અને તેમનું નવું નામ ઇન્દુમતી રાખવામાં આવ્યું છે. કલાકાર મી. રૂપકૃષ્ણના ભાઈના ઘેર તેઓ હાલમાં રહે છે. એમણે મુલાકાત આપવાનો ઇન્કાર કર્યો છે. ટુંક સમયમાં કલાકાર મી. રૂપકૃષ્ણ સાથે તેમનાં લગ્ન થનાર છે એમ મનાય છે.

## દુસાધ અત્યંજ નથી.

પટના અખીલભારત દુસાધ મહાસભાએ સરકારને પ્રસ્તાવદ્વારા પ્રાર્થના કરી છે કે દુસાધ જાતિ ક્ષત્રીય છે, અસલ રજપૂત જાતિમાં ઉત્પન્ન થયેલ, તેથી તેનું નામ અત્યંજ શ્રેણિમાંથી કાઢી નાખવું જોઈએ.

## ક્રેડીટ સોસાયટીમાં જૈન બ્હેનની વરણી.

સુરત ખાતે તાજેતરમાં સ્થાપવામાં આવેલ ધી. સુરત મ્યુ. પ્રા. મ્યુ. ટી. કો. ક્રેડીટ સોસાયટીના સભ્ય તરીકે શ્રીમતી મંગળા બ્હેન મોતીચંદની વરણી કરવામાં આવી છે.

## જૈન પુનર્લગ્ન.

વઢવાણ શેહરના દશા શ્રીમાળી જૈન વણીક શ્રી લક્ષ્મીચંદ ભાઈએ પોતાની જ્ઞાતિની એક વીધવા બ્હેન સાથે અમદાવાદમાં પુનર્લગ્ન કર્યા છે.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઈમાં છાપી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.